# પરિચય અને સારાંશ

## 2024 માં ભારત અને વિશ્વ

વર્ષ 2024 માં, ઝડપથી વિકસી રહેલા વૈશ્વિક લૅન્ડસ્કેપ વચ્ચે ભારત તેના રાષ્ટ્રીય હિતોને આગળ ધપાવવા માટે વિશ્વ સાથે સક્રિય રીતે જોડાયું. ભારતની જીવંત અને વ્યવહારિક વિદેશ નીતિ, જેને કારણે ભારતને નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત થઈ, તેને કારણે વૈશ્વિક સ્તરે ભારતના કદ અને પ્રતિષ્ઠામાં પણ વૃદ્ધિ જોવા મળી. એકસમાન વિચારધારા ધરાવતા ભાગીદારો સાથે દ્વિપક્ષીય સંબંધો બહુપક્ષીય તેમજ પ્લુરિલેટરલ સ્તરે ભારતની સક્રિય પહેલ અને નેતૃત્વ માટે પૂરક સાબિત થયા.

ભારતની વિદેશ નીતિ તથા વૈશ્વિક રાજનીતિને વ્યાવહારિક લક્ષ્યો તરફ દોરી જવામાં ભારતના વિદેશ મંત્રાલય (MEA) ની ભૂમિકા ખૂબ મહત્વપૂર્ણ રહી. ભારતે મક્કમપણે પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતાનું વિસ્તરણ, બહુપક્ષીય સંસ્થાઓના અર્થપૂર્ણ સુધારાઓને સમર્થન, ગ્લોબલ સાઉથની પ્રાથમિકતાઓ માટે કાર્ય તથા નિયમો મુજબ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના માળખામાં રહીને પોતાની સુરક્ષાનું રક્ષણ કર્યું. આ પ્રયાસોએ ભારતની વધુ ન્યાયપૂર્ણ, નિષ્પક્ષ અને સૌને સમાવતા એવા વૈશ્વિક શાસનના માળખાને આકાર આપવાની પ્રતિબદ્ધતા પર ધ્યાન દોર્યું.

આ વર્ષ સતત આર્થિક વધઘટ, જળવાયુ પરિવર્તનની અસરો, ભૌગોલિક રાજનીતિ વિષયક તણાવ અને વૈશ્વિક સ્વાસ્થ્ય અને પર્યાવરણના મોરચે સતત પડકારો સહિત સામાજિક વિક્ષેપોનું રહ્યું. ભારત ઉચ્ચ-સ્તરની ચર્ચાઓ દ્વારા અને સૌની સાથે મળીને મુખ્ય વૈશ્વિક પડકારોને સંબોધવા, વૈશ્વિક સ્તરે સક્રિય રીતે પ્રવૃત્ત રહ્યું. આમાં દ્વિપક્ષીય ભાગીદારીને મજબૂત બનાવવાનો અને UN, G20, G7, ક્વાડ, SCO અને બ્રિક્સ જેવા નોંધપાત્ર પ્રાદેશિક અને વૈશ્વિક જૂથોમાં સક્રિય ભાગીદારીનો સમાવેશ થાય છે.

અગાઉના G20 પ્રમુખ હોવાના પરિણામે ભારત ટ્રોઇકા જૂથ (ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા) હેઠળ બ્રાઝિલ સાથે કામ કરતું રહ્યું. ભારતના G20 પ્રમુખપદ દરમિયાન થયેલા કાર્યને આગળ ધપાવતાં, વર્ષ 2024 માટે બ્રાઝિલ દ્વારા ત્રણ પ્રાથમિકતાઓ નક્કી કરવાં આવી, જેમાં વ્યાપકપણે સામાજિક સમાવેશ, ઊર્જા સંક્રમણ અને બહુપક્ષીય શાસન સંસ્થાઓના સુધારાનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ 18-19 નવેમ્બરના રોજ રિયો ડી જાનેરોમાં 19મી G20 સમિટમાં ભાગ લીધો હતો. પ્રધાનમંત્રીના માનવ-કેન્દ્રિત, રચનાત્મક અને વિકાસલક્ષી અભિગમની તમામ વિકસિત અને વિકાસશીલ દેશો દ્વારા વ્યાપકપણે પ્રશંસા કરવામાં આવી હતી. સપ્ટેમ્બર 2023 માં નવી દિલ્હી G20 સમિટમાં સમાવેશ થયા પછી આફ્રિકન યુનિયન દ્વારા કાયમી સભ્ય તરીકે ભાગ લેવામાં આવ્યો હોય તેવી આ પ્રથમ G20 સમિટ હતી.

'ટકાઉ ભવિષ્ય માટે એક સશક્ત ગ્લોબલ સાઉથ' વિષય હેઠળ ઓગસ્ટમાં ભારત દ્વારા વર્ચ્યુઅલી વૉઇસ ઑફ ગ્લોબલ સાઉથ સમિટની ત્રીજી એડિશનનું આયોજન કરવામાં આવ્યું. પ્રધાનમંત્રીએ દેશ/સરકારના વડાઓના સત્રનું ઉદ્ઘાટન કર્યું અને તેમના સંબોધનમાં ગ્લોબલ સાઉથમાં ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક વ્યાપક માળખા તરીકે કાર્ય કરી શકે તેવા "ગ્લોબલ ડેવલપમેન્ટ કોમ્પેક્ટ" નો પ્રસ્તાવ મૂક્યો. આ કોમ્પેક્ટ વેપાર, ક્ષમતા નિર્માણ, ટેકનોલોજી શેરિંગ અને આર્થિક સહાય પર ધ્યાન કેન્દ્રિત કરે છે, અને તેનો ઉદ્દેશ્ય ગ્લોબલ સાઉથને સશક્ત બનાવવાનો અને વિકાસ સંતુલિત અને ટકાઉ બંને રીતે થાય તે સુનિશ્ચિત કરવાનો છે ગ્લોબલ સાઉથ અને સંતુલિત અને ટકાઉ વિકાસને સુનિશ્ચિત કરવાનો છે. નેતાઓના સત્ર બાદ દસ મંત્રી સ્તરીય સત્રો યોજાયા: આરોગ્ય મંત્રી, યુવા મંત્રી,

વાણિજ્ય/વેપાર મંત્રી, માહિતી ટેકનોલોજી મંત્રી, નાણાં મંત્રી, ઉર્જા મંત્રી, શિક્ષણ મંત્રી, પર્યાવરણ મંત્રી, અને વિદેશ મંત્રી (EAM) ની અધ્યક્ષતામાં બે વિદેશ મંત્રીઓના સત્રો.




નવેમ્બર 2024માં રિયો ડી જાનેરોમાં 19મી G20 સમિટમાં યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ જોસેફ બાઇડેન અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા સાથે પ્રધાનમંત્રી

સમિટમાં 21 દેશ/સરકારના વડાઓ અને 34 વિદેશ મંત્રીઓ સહિત ગ્લોબલ સાઉથના 123 દેશોના 173 ગણમાન્ય વ્યક્તિઓની ઉપસ્થિતિ જોવા મળી હતી. ઐતિહાસિક એવી ત્રીજી વારની જીત મેળવ્યા પછી અને નવી સરકારના શપથ ગ્રહણ પછી, પ્રધાનમંત્રી દ્વારા આયોજિત આ પ્રથમ બહુપક્ષીય સમિટ હતી. આ સમિટ નવી સરકાર બન્યાના પ્રથમ 100 દિવસમાં યોજાઈ હતી, જે ગ્લોબલ સાઉથની સામૂહિક વિકાસ યાત્રાને આગળ ધપાવવા માટે ભારતના પ્રામાણિક પ્રયાસ અને પ્રતિબદ્ધતા તેમજ ગ્લોબલ સાઉથના નેતાઓ અને દેશો સાથે મળીને કાર્ય કરવાની પ્રધાનમંત્રી દ્વારા આપવામાં આવેલી પ્રાથમિકતા દર્શાવે છે.



પ્રધાનમંત્રીએ ઓગસ્ટ 2024ની વોઇસ ઑફ ગ્લોબલ સાઉથ સમિટના ત્રીજા સંસ્કરણ દરમિયાન નેતાઓના સત્રને સંબોધિત કર્યું.

જૂનના પ્રારંભમાં પ્રધાનમંત્રીએ ઇટાલીમાં G7 સમિટના આઉટરીચ સત્રમાં ભાગ લીધો હતો જ્યાં તેમણે મુખ્ય વૈશ્વિક પડકારો પર વૈશ્વિક નેતાઓ સાથે ચર્ચા કરી હતી. સમિટમાં, ટેકનોલોજીનું સંચાલન માનવ-કેન્દ્રિત અભિગમ દ્વારા થવું જોઈએ તે બાબત પર પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો, તથા ભારતે ડિજિટલ ક્ષેત્રે થયેલી પ્રગતિનો જાહેર સેવા વિતરણમાં કેવી રીતે સફળતાપૂર્વક ઉપયોગ કર્યો તે અંગે પ્રકાશ પાડ્યો. વૈશ્વિક પ્રગતિ અને સુખાકારીને પ્રોત્સાહન આપવામાં AI ની ભૂમિકાની હિમાયત કરતા, તેમણે "બધા માટે AI" પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. તેમણે G20 માં આફ્રિકન યુનિયનનું કાયમી સભ્યપદ મેળવવામાં ભારતની ભૂમિકાને યાદ કરીને ગ્લોબલ સાઉથ, ખાસ કરીને આફ્રિકાની સમસ્યાઓને પ્રાથમિકતા આપવાના મહત્વ પર પણ ભાર મૂક્યો. પ્રધાનમંત્રીએ ભારત-ઇટલી વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની સાથે પણ ચર્ચા કરી.

સમગ્ર વર્ષ દરમિયાન ભારતે તમામ રીતે અને તમામ પ્રકારે ફેલાવવામાં આવતા આતંકવાદનો સામનો કરવા માટે વૈશ્વિક સમુદાય સાથે સક્રિય રીતે સહયોગ કર્યો, અને આતંકવાદ વિરોધી ક્ષેત્રમાં ક્ષમતા નિર્માણ, શ્રેષ્ઠ પ્રેક્ટિસના આદાનપ્રદાન અને માહિતીની વહેંચણી માટે ભાગીદાર દેશો સાથે કામ કર્યું. વર્ષ દરમિયાન, ભારતે વિવિધ આતંકવાદ વિરોધી કાર્યકારી જૂથોમાં ભાગ લીધો, તથા આતંકવાદના જોખમનો સામનો કરવા માટે તેના ભાગીદારો સાથે જોડાણ કરવામાં આવ્યું, જેમાં ક્વાડ જૂથની અંદર તથા ફ્રાન્સ, કઝાખસ્તાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. FATF (ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ) મ્યુચ્યુઅલ ઇવેલ્યુએશન ઑફ ઇન્ડિયાના અંતે જૂનમાં સિંગાપુર ખાતે FATF નું પ્લેનરી સત્ર યોજાયું, જેમાં ભારતના અહેવાલને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું અને ભારત દ્વારા FATF ની જરૂરી શરતોનું ઉચ્ચ પ્રકારે પાલન કરવામાં આવી રહ્યું હોવાનું FATF પ્લેનરી દ્વારા તારણ કાઢવામાં આવ્યું હતું. આ દર્શાવે છે કે ભારતની એન્ટી-મની લોન્ડરિંગ, કાઉન્ટર ટેરર ફાઇનાન્સિંગ અને કાઉન્ટર પ્રોલિફરેશન ફાઇનાન્સિંગ (CPF) માટેની પદ્ધતિ અસરકારક પરિણામો પ્રાપ્ત કરી રહી છે.

ભારતે તેના પડોશમાં તેમજ તે સિવાયના દેશોમાં વર્ષ દરમિયાન ત્રણ મુખ્ય માનવતાવાદી સહાય અને આપત્તિ દરમિયાન રાહત (HADR) કામગીરી હાથ ધરીને, કટોકટીના સમયમાં 'પ્રથમ મદદકર્તા' વિશ્વસનીય રાષ્ટ્ર તરીકેની પોતાની ઓળખ મજબૂત બનાવી. હૈતીના આન્તરવિગ્રહમાંથી ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે માર્ચમાં ઓપરેશન ઇન્દ્રાવતી શરૂ કરવામાં આવ્યું હતું. જૂનમાં, કુવૈતમાંથી 45 મૃત ભારતીય નાગરિકોના મૃતદેહને વતન પરત લાવવા માટે એક વિશેષ માનવીય એરલિફ્ટ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સપ્ટેમ્બરમાં, મ્યાનમારમાં ટાઇફૂન યાગીને કારણે આવેલા પૂરને પગલે કટોકટીમાં માનવહિતને ધ્યાનમાં રાખીને સહાય પહોંચાડવા માટે ઓપરેશન સદ્ભાવ શરૂ કરવામાં આવ્યું હતું. આ તમામ ઓપરેશન ઉપરાંત, ભારત દ્વારા વર્ષ દરમિયાન 20 થી વધુ દેશોને HADR સહાય પૂરી પાડવામાં આવી હતી. 2024 માં, પશ્ચિમ એશિયામાં સંઘર્ષ હેઠળ રહેલા ક્ષેત્રોને પણ ભારત તેની માનવીય સહાય પ્રદાન કરતું રહ્યું. ભારત દ્વારા સિરિયાને કેન્સરની દવાઓ પૂરી પાડવામાં આવી અને પેલેસ્ટાઇનના લોકો માટે માનવતાવાદી સહાય પેટે 30 ટન સામગ્રી અને આવશ્યક જીવનરક્ષક દવાઓ પૂરી પાડવા માટે યુનાઇટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી (UNRWA) સાથે મળીને કાર્ય કરવામાં આવ્યું. જુલાઈમાં, ભારતે ઓમાનના દરિયાકાંઠે ડૂબી ગયેલા કોમોરોસના જહાજ, MT પ્રેસ્ટીજ ફાલ્કનમાંથી ઓમાનના સત્તાવાળાઓ સાથે મળીને કરેલ શોધ અને બચાવ કામગીરીમાં આઠ ભારતીયો સહિત નવ ખલાસીઓને બચાવ્યા હતા.

વર્ષ દરમિયાન, ભારતે ભાગીદાર દેશો સાથે દાયકાઓના સંબંધોની ઉજવણી કરીને અનેક મહત્વપૂર્ણ રાજદ્વારી સીમાચિહ્નો પણ પાર કર્યા. આ સીમાચિહ્નો ઐતિહાસિક અને વિકસતી ભાગીદારીની સંભાળ લેવા માટે ભારત સતત પ્રતિબદ્ધ છે તે દર્શાવે છે.




ઇટાલી, જૂન 2024 માં G7 સમિટના આઉટરીચ સત્રમાં અન્ય વૈશ્વિક નેતાઓ સાથે પ્રધાનમંત્રી

2024 માં, ઘણી દ્વિપક્ષીય ભાગીદારીને વ્યૂહાત્મક તેમજ વ્યાપક પ્રકારની વ્યૂહાત્મક ભાગીદારીનું સ્વરૂપ આપવામાં આવ્યું. સિંગાપોર અને મલેશિયા સાથેના સંબંધોને ભારત દ્વારા 'વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી'ના સ્તરે લઈ જવામાં આવ્યા. અન્યત્ર, કુવૈત અને પોલેન્ડ સાથેના રાજદ્વારી સંબંધોને વધુ સુધારીને 'વ્યૂહાત્મક ભાગીદારી' ના સ્તરે લઈ જવામાં આવ્યા. આ પગલાંએ ભારતની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા માટે સક્રિય અભિગમને દર્શાવ્યો.

વર્ષ દરમિયાન, વિશ્વભરના રાષ્ટ્રો દ્વારા પ્રધાનમંત્રીને સંખ્યાબંધ નાગરિક સન્માન આપવામાં આવ્યા, જે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં તેમની રાજનીતિ અને યોગદાનને મળેલી માન્યતા દર્શાવે છે. માર્ચમાં, ભૂટાનની સત્તાવાર મુલાકાત દરમિયાન, તેમને કિંગ જિગ્મે ખેસર નામગિયલ વાંગચુક તરફથી દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર "ઓર્ડર ઑફ ધ ડ્રુક ગ્યાલ્પો" પ્રાપ્ત થયો. જુલાઈમાં, 22મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે રશિયાની તેમની સત્તાવાર

મુલાકાત દરમિયાન, તેમને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દ્વારા "ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રુ ધ એપોસ્ટલ" પ્રદાન કરવામાં આવ્યો હતો। દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાના તથા વિશ્વમાં ફેલાયેલા રોગચાળા સામેની લડતમાં તેમના પ્રયાસોમાં તેમના નેતૃત્વની કદરરૂપે પ્રધાનમંત્રીને " ઑનરરી ઓર્ડર ઓફ ફ્રીડમ ઑફ બાર્બાડોસ" થી સન્માનિત કરવામાં આવ્યા હતા; તેમને ગયાનાના જ્યોર્જટાઉનમાં કોમનવેલ્થ ઓફ ડોમિનિકાના પ્રમુખ સિલ્વેની બર્ટન દ્વારા ડોમિનિકાના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર "ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનર" થી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. નવેમ્બર 2024 માં નાઇજીરીયા દ્વારા તેમને "ગ્રાન્ડ કમાન્ડર ઑફ ધ ઓર્ડર ઑફ નાઇજર" થી નવાજવામાં આવ્યા હતા, જ્યારે ગયાના અને કુવૈત દ્વારા તેમને અનુક્રમે તેમના સર્વોચ્ચ સન્માન - "ઓર્ડર ઑફ એક્સેલન્સ" અને "ઓર્ડર ઑફ મુબારક અલ કબીર" થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) દ્વારા નવા સિગ્નેટરી અને બહાલી સાથે 2024 માં તેના સભ્યોમાં ઉમેરો કરવામાં આવ્યો. માલ્ટા (ફેબ્રુઆરી), પારાગ્વે (જૂન), લેબનન (ઓગસ્ટ), અને મોલ્ડોવા (ડિસેમ્બર) દ્વારા સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા, જ્યારે પનામા (માર્ચ), ન્યૂઝીલેન્ડ (ઓગસ્ટ) અને આર્મેનિયા (નવેમ્બર) દ્વારા સંધિને બહાલી આપવામાં આવી. આ પગલાંથી સૌર ઉર્જાના વિસ્તરણ અને જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટેના વૈશ્વિક પ્રયાસોને આગળ વધારવામાં ભારત દ્વારા કરવામાં આવેલી પહેલે સૌનું ધ્યાન દોર્યું.

ઘણી ઉચ્ચ-સ્તરીય દ્વિપક્ષીય મુલાકાતો દ્વારા જૂના રાજદ્વારી સંબંધોને પુનર્જીવિત કરવામાં આવ્યા. માનનીય રાષ્ટ્રપતિજી દ્વારા અલ્જીરિયા, ફિજી, મલાવી, મૉરિટેનિયા, મોરેશિયસ, ન્યૂઝીલેન્ડ અને તિમોર લેસ્ટની રાજકીય મુલાકાત લેવામાં આવી. અલ્જીરિયાની મુલાકાત તે દેશની પ્રથમ રાજકીય મુલાકાત હતી અને તેમાં ભારત-અલ્જીરિયા આર્થિક મંચનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જે દ્વિપક્ષીય સંબંધોમાં એક નવા પ્રકરણની શરૂઆતનો સંકેત આપે છે. માનનીય રાષ્ટ્રપતિજી દ્વારા ફિજી અને તિમોર લેસ્ટની પણ મુલાકાત લેવામાં આવી હતી, જે ભારતના રાજકીય વડા દ્વારા આ દેશોની પહેલીવાર લેવામાં આવેલી મુલાકાત હતી.

તિમોર લેસ્ટની મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ જોસે રામોસ-હોર્ટા દ્વારા માનનીય રાષ્ટ્રપતિજીને દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, "ગ્રાન્ડ-કોલર ઑફ ધ ઓર્ડર ઑફ તિમોર-લેસ્ટ" પ્રદાન કરવામાં આવ્યો. ઓગસ્ટમાં સુવા ખાતે યોજાયેલા એક સમારંભમાં માનનીય રાષ્ટ્રપતિજીને ફિજીના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, કમ્પેનિયન ઑફ ધ ઓર્ડર ઑફ ફિજીથી નવાજવામાં આવ્યા હતા. આ મુલાકાતોને કારણે સમગ્ર પ્રદેશોમાં દ્વિપક્ષીય સંબંધો માટેના ચાલી રહેલા પ્રયાસોને વધુ વેગ મળ્યો હતો.



જુલાઈ 2024 માં મોસ્કો ખાતે 22મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દ્વારા પ્રધાનમંત્રીને "ધ ઓર્ડર ઑફ સેન્ટ એન્ડ્ર્યુ ધ એપોસ્ટલ" આપવામાં આવ્યો હતો



માનનીય રાષ્ટ્રપતિજીને ઓગસ્ટ 2024 માં દિલ્હી ખાતે તિમોર-લેસ્ટના રાષ્ટ્રપતિ ઓઝે રામોસ-હોર્ટા દ્વારા તિમોર-લેસ્ટના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, ગ્રાન્ડ કૉલર ઑફ ધ ઓર્ડર ઑફ તિમોર-લેસ્ટ આપવામાં આવ્યો હતો

માનનીય ઉપરાષ્ટ્રપતિએ મે મહિનામાં ઈરાનના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. સૈયદ ઈબ્રાહિમ રાયસી અને ઈરાનના તત્કાલીન વિદેશ મંત્રી ડૉ. હુસૈન અમીર-અબ્દુલ્લાહિયાનના હેલિકોપ્ટર દુર્ઘટનામાં થયેલા દુ:ખદ અવસાન પર શોક વ્યક્ત કરવા માટે યોજાયેલા સત્તાવાર સમારોહમાં ભાગ લેવા માટે ઈરાનની મુલાકાત લીધી હતી.

ભાગીદાર દેશો સાથે ભારતનો ઉચ્ચ-સ્તરીય સહયોગ જાળવવા માટે, પ્રધાનમંત્રી દ્વારા વિવિધ ઉચ્ચ-સ્તરીય દ્વિપક્ષીય, પ્લુરિલેટરલ અને બહુપક્ષીય વ્યવહારોમાં ભાગ લેવા માટે ઑસ્ટ્રિયા, ભૂતાન, બ્રાઝિલ, બ્રુનેઈ, ગયાના, ઇટાલી, કુવૈત, લાઓસ, નાઇજીરીયા, પોલેન્ડ, કતાર, રશિયા, સિંગાપોર, યુક્રેન, સંયુક્ત આરબ અમીરાત અને યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની મુલાકાત લેવામાં આવી.

જુલાઈમાં, પ્રધાનમંત્રીએ ઑસ્ટ્રિયાની મુલાકાત લીધી, જે ચાર દાયકામાં ભારતીય પ્રધાનમંત્રીની આવી પ્રથમ મુલાકાત છે. ઓગસ્ટમાં યુક્રેનની ઐતિહાસિક મુલાકાત લેવામાં આવી હતી, જે 1992 માં બે દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપના પછી ભારતીય પ્રધાનમંત્રીની પ્રથમ મુલાકાત હતી. નવેમ્બરમાં પ્રધાનમંત્રીએ નાઇજીરિયાની રાજકીય યાત્રા કરી હતી, જે 17 વર્ષમાં ભારતીય વડાપ્રધાન દ્વારા લેવામાં આવેલી પ્રથમ રાજકીય યાત્રા હતી. અંતે, ડિસેમ્બરમાં પ્રધાનમંત્રીએ કુવૈતની મુલાકાત લીધી, જે કુવૈતની તેમની અને 43 વર્ષમાં ભારતીય પ્રધાનમંત્રી દ્વારા લેવામાં આવેલી પ્રથમ મુલાકાત હતી.

પ્રધાનમંત્રીએ અનેક વર્ચ્યુઅલ અને વ્યક્તિગત સમિટ-સ્તરીય બેઠકોમાં પણ ભાગ લીધો હતો, જેમાં UN ખાતે સમિટ ઓફ ધ ફ્યુચર, G20 સમિટ, G7 સમિટનું આઉટરીચ સત્ર, ક્વાડ લીડર્સ સમિટ, બ્રિક્સ સમિટ, SCO સમિટ અને વોઇસ ઓફ ગ્લોબલ સાઉથ સમિટની ત્રીજી આવૃત્તિનો સમાવેશ થાય છે

વર્ષ દરમિયાન વિદેશ મંત્રીએ ઓસ્ટ્રેલિયા, જર્મની, ઈરાન, ઇટાલી, જાપાન, કઝાખસ્તાન, કુવૈત, લાઓ PDR, મલેશિયા, માલદીવ, મોરેશિયસ, નેપાળ, નાઇજીરીયા, પાકિસ્તાન, ફિલિપાઇન્સ, કતાર, કોરિયા ગણરાજ્ય, સાઉદી અરેબિયા, સિંગાપોર, શ્રીલંકા, સ્વિટ્ઝર્લેન્ડ, યુગાન્ડા, સંયુક્ત આરબ અમીરાત અને યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની મુલાકાત લીધી હતી તથા વિવિધ રાજદ્વારી કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

વિદેશ મંત્રીએ જાન્યુઆરીમાં ઈરાનની મુલાકાત લીધી હતી અને ચાબહાર બંદરના વિકાસ અને સંચાલન અંગે ચર્ચા કરવા માટે ઈરાનના તત્કાલીન વિદેશ મંત્રી ડૉ. હુસૈન અમીર-અબ્દુલ્લાહિયન સાથે મુલાકાત કરી હતી. તેમણે નેપાળની પણ મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે રાષ્ટ્રપતિ રામ ચંદ્ર પૌડેલ તથા તત્કાલીન પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' સાથે મુલાકાત કરી હતી અને કાઠમંડુમાં નેપાળના તત્કાલીન વિદેશ મંત્રી શ્રી એન.પી. સઉદ સાથે સાતમી ભારત-નેપાળ સંયુક્ત કમિશન બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી. વિદેશ મંત્રીએ પ્રથમ વખત નાઇજીરીયાની મુલાકાત લીધી હતી, જ્યા તેમણે વિદેશ મંત્રી યુસુફ તુગ્ગર સાથે છઠ્ઠી ભારત-નાઇજીરીયા સંયુક્ત કમિશન બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી. તે જ મહિને યુગાન્ડાના કમ્પાલામાં તેમણે 19મી નૉન-અલાઇન્ડ મૂવમેન્ટ (NAM) સમિટમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. માર્ચ મહિનામાં જાપાનની મુલાકાત દરમિયાન વિદેશ મંત્રી તત્કાલીન પ્રધાન મંત્રી કુમિયો કિશિદાને મળ્યા હતા અને તત્કાલીન વિદેશ પ્રધાન યોકો કામિકાવા સાથે 16મા ભારત-જાપાન વ્યૂહાત્મક સંવાદની સહ-અધ્યક્ષતા કરી હતી. તેમણે મલેશિયાની પણ મુલાકાત લીધી હતી, જ્યાં દ્વિપક્ષીય સહયોગના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવા માટે તેમણે પ્રધાન મંત્રી દાતો' સેરી અનવર બિન ઈબ્રાહિમ અને વિદેશ મંત્રી દાતો' સેરી ઉતામા હાજી મોહમ્મદ બિન હાજી હસન સાથે મુલાકાત કરી. તે જ મહિનામાં બાદમાં તેમણે ફિલિપાઇન્સની મુલાકાત લીધી હતી, જે દરમિયાન તેઓએ રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ આર. માર્કોસ જુનિયર અને વિદેશ મંત્રી એનરિક એ. મનાલો સાથે મુલાકાત કરીને રાજકીય, આર્થિક, સંરક્ષણ

અને ટેકનોલોજી ક્ષેત્રોમાં સંબંધોની સમીક્ષા કરી. વિદેશ મંત્રીએ દક્ષિણ કોરિયાની પણ મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે તત્કાલીન વિદેશ મંત્રી ચો તાઈ-યુલ સાથે 10મી ભારત-ROK ની સંયુક્ત કમિશન બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી. ફિનટેક, ડિજિટલાઇઝેશન અને ગ્રીન ઇકોનોમીમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવા માટે તેમણે સિંગાપોરના વિદેશ મંત્રી વિવિયન બાલકૃષ્ણન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી, તેમજ પ્રધાન મંત્રી લી શીએન લૉંગ અને નાયબ પ્રધાન મંત્રી લોરેન્સ વૉંગ સાથે મુલાકાત કરી.

વિદેશ મંત્રીએ જૂનમાં શ્રીલંકાની મુલાકાત લીધી હતી જ્યાં તેઓ તત્કાલીન રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, તત્કાલીન પ્રધાન મંત્રી દિનેશ ગુણવર્દને તથા તત્કાલીન વિદેશ મંત્રી એમ.યુ.એમ. અલી સાબ્રીને મળ્યા હતા. ભારતના લોક-કેન્દ્રિત વિકાસના સહકારી કાર્યને મજબૂત બનાવવા માટે, વિદેશ મંત્રી તથા રાષ્ટ્રપતિ વિક્રમસિંઘે દ્વારા કોલંબો અને ત્રિંકોમાલી જિલ્લામાં મોડેલ વિલેજ હાઉસિંગ પ્રોજેક્ટ હેઠળ 48 ઘરોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું, તેમજ કેન્ડી, માટાલે અને નુવારા એલિયામાં ભારતીય હાઉસિંગ પ્રોજેક્ટના તબક્કા III હેઠળ 106 ઘરોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. વધુમાં, તેમણે સમુદ્રમાં શોધ અને બચાવ કામગીરી માટેનું એક મુખ્ય કેન્દ્ર, મેરીટાઇમ રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર (MRCC), જેની સ્થાપના ભારત તરફથી આપવામાં આવેલ 6 મિલિયન ડોલરની ગ્રાન્ટથી કરવામાં આવી હતી, તેને વર્ચ્યુઅલી કાર્યરત કર્યું. વિદેશ મંત્રીએ શ્રીલંકાના બંદરો, શિપિંગ અને ઉડ્ડયન, કૃષિ અને પ્લાન્ટેશન ઉદ્યોગો, અને વીજળી અને ઉર્જા મંત્રાલયોના અધિકારીઓ સાથે પણ ચર્ચા કરી. તે મહિનાના અંતમાં તેમણે UAE ની મુલાકાત લીધી અને ભારત-UAE વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરવા માટે વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે વાતચીત કરી. જુલાઈમાં વિદેશ મંત્રીએ અસ્તાના ખાતે યોજાયેલી 24મી SCO સમિટમાં ભારતીય પ્રતિનિધિમંડળનું પ્રતિનિધિત્વ કર્યું. મોરેશિયસની તેમની મુલાકાત દરમિયાન, તેઓ તત્કાલીન પ્રધાન મંત્રી પ્રવિંદ કુમાર જુગનાથને મળ્યા અને દ્વિપક્ષીય સંબંધોને કેવી રીતે વધુ મજબૂત બનાવી શકાય તે અંગે ચર્ચા કરી. ઓગસ્ટમાં વિદેશ મંત્રીએ કુવૈતની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ક્રાઉન પ્રિન્સ શેખ સાબાહ ખાલેદ અલ-હમાદ અલ-મુબારક અલ-સાબાહ, વડા પ્રધાન અહેમદ અબ્દુલ્લા અલ-અહમદ અલ-જાબેર અલ-સાબાહ અને વિદેશ મંત્રી અબ્દુલ્લા અલી અલ-યાહ્યા સાથે મુલાકાત કરીને આપણા દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ તેઓ માલદીવ ગયા, જ્યાં તેઓએ રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ મિઝુ અને તત્કાલીન વિદેશ પ્રધાન મૂસા ઝમીર સાથે મુલાકાત કરી, તેમની સાથે વિદેશ મંત્રીએ સંયુક્ત રીતે 28 ટાપુઓ પર ભારતના લાઇન ઓફ ક્રેડિટની મદદથી તૈયાર થયેલ પાણી અને ગટર વ્યવસ્થાને લગતા વિવિધ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું.

સપ્ટેમ્બરમાં વિદેશ મંત્રીએ જર્મનીની મુલાકાત લીધી, જ્યાં તેમણે તત્કાલીન ચાન્સેલર ઓલાફ શૉલ્ઝ અને તત્કાલીન વિદેશ મંત્રી આનાલેના બેરબોકને સાથે મુલાકાત કરી. ત્યારબાદ તેમની જીનીવા મુલાકાત દરમિયાન તેઓ યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) રાષ્ટ્રો સાથે ભારતના વેપાર સંબંધો અંગે ચર્ચા કરવા માટે સ્વિસ વિદેશ મંત્રી ઇગ્નાઝિયો કેસિસને મળ્યા અને જીનીવામાં ભારતના સ્થાયી મિશનના નવા મકાનનું ઉદ્ઘાટન કર્યું. બાદમાં તે મહિને તેમણે વોશિંગ્ટન ડી.સી.ની મુલાકાત લીધી, જ્યાં તેમણે તત્કાલીન વિદેશ સચિવ એન્ટની બ્લિન્કન, તત્કાલીન વાણિજ્ય સચિવ જિના રીમોન્ડો, તત્કાલીન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) જેક સુલિવાન અને અન્ય વરિષ્ઠ US અધિકારીઓ સાથે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી. ઓક્ટોબરમાં વિદેશ મંત્રીએ ઓસ્ટ્રેલિયાની મુલાકાત લીધી, જ્યાં તેઓ પ્રધાનમંત્રી એન્થની આલ્બનીઝ અને અન્ય મુખ્ય રાજકીય નેતાઓને મળ્યા. વિદેશ મંત્રી પેની વૉંગ સાથે તેમના સહ-અધ્યક્ષપદે વિદેશ મંત્રીઓના 15મા ફ્રેમવર્ક સંવાદનું આયોજન થયું તેમજ તેમણે બ્રિસ્બેનમાં ભારતના મહાવાણિજ્ય દૂતાવાસનું ઉદ્ઘાટન કર્યું. નવેમ્બરમાં તેમણે G7 વિદેશ મંત્રીઓની બેઠકના આઉટરીચ સત્રમાં અને રોમમાં MED ભૂમધ્ય સંવાદની દસમા સંસ્કરણમાં ભાગ લેવા ઇટાલીની મુલાકાત લીધી. ઇટાલીમાં, વિદેશ મંત્રીએ ઇટાલીના તેમજ G7 માં ભાગ લેનારા અન્ય દેશોના વિદેશ મંત્રીઓ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરી. ડિસેમ્બરમાં વિદેશ મંત્રીએ કતાર અને બહેરીનની મુલાકાત લીધી. કતારમાં તેમણે 22મા દોહા ફોરમમાં હાજરી આપી અને

પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ થાની સાથે મુલાકાત કરી. બહેરીનમાં તેમણે વિદેશ મંત્રી ડૉ. અબ્દુલલતીફ બિન રશીદ અલ ઝાયાની સાથે ચોથી ભારત-બહેરીન ઉચ્ચ સંયુક્ત આયોગ (HJC) બેઠકની સહ-અધ્યક્ષતા કરી. ડિસેમ્બરમાં વિદેશ મંત્રી અને વિદેશ સચિવે અમેરિકાની મુલાકાત લીધી, જ્યાં તેઓએ તત્કાલીન NSA સુલિવાન, તત્કાલીન વિદેશ સચિવ એન્ટની બ્લિન્કન અને ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના NSA ના પદ માટેના નોમિની માઈકલ વોલ્ટ્ઝ સહિત મુખ્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી.

વર્ષ દરમિયાન, વિદેશ મંત્રીએ ઓસ્ટ્રેલિયામાં સાતમી હિન્દ મહાસાગર પરિષદ; કઝાકિસ્તાનમાં SCO કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ સ્ટેટ્સની ચોવીસમી બેઠક; જાપાનમાં ક્વાડ વિદેશ મંત્રીઓની મીટિંગ; આસિયાન ફ્રેમવર્ક હેઠળ વિદેશ મંત્રીઓની મીટિંગ્સ, જેમ કે આસિયાન-ભારત, પૂર્વ એશિયા સમિટ, અને વિએન્ટિયન, લાઓસ PDR માં આસિયાન પ્રાદેશિક ફોરમ; ન્યૂ યોર્કમાં G20 વિદેશ મંત્રીઓની મીટિંગ અને 79મું UNGA ઉચ્ચ-સ્તરીય સત્ર; સાઉદી અરેબિયામાં વ્યૂહાત્મક સંવાદ માટે ભારત-GCC મંત્રી સ્તરીય બેઠક અને પાકિસ્તાનમાં SCO કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્નમેન્ટની 23મી બેઠક સહિત અનેક પ્લુરિલેટરલ અને બહુપક્ષીય બેઠકોમાં પણ ભાગ લીધો હતો.

ફેબ્રુઆરીમાં વિદેશ મંત્રીએ પર્થમાં સાતમી હિંદ મહાસાગર પરિષદને સંબોધિત કરી, જેમાં પ્રાદેશિક સહયોગ પર ભાર મૂકવામાં આવ્યો. જુલાઈમાં વિદેશ મંત્રીએ અસ્તાનામાં ચોવીસમી SCO સમિટમાં ભારતના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું, જ્યાં નેતાઓ દ્વારા અગાઉની પ્રવૃત્તિઓની સમીક્ષા તથા અને બહુપક્ષીય સહયોગની ચર્ચા કરવામાં આવી. તે મહિનાના અંતમાં તેમણે ટોક્યોમાં ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજરી આપી, જેમાં ઇન્ડો-પેસિફિક અને ક્વાડ દ્વારા કરવામાં આવેલી પહેલ પર થયેલ કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. સપ્ટેમ્બરમાં વિદેશ મંત્રીએ ન્યૂયોર્કમાં બ્રાઝિલની G20 દેશોના વિદેશ મંત્રીઓની બીજી બેઠકમાં ભાગ લીધો હતો, જેમાં સંયુક્ત રાષ્ટ્રના પુનર્ગઠન, આર્થિક માળખાની વ્યવસ્થા અને વેપાર પ્રણાલીઓ સહિત વૈશ્વિક સ્તરે શાસનમાં સુધારાઓની હિમાયત કરવામાં આવી હતી. તેમણે 79મી UN જનરલ એસેમ્બલીમાં ભારતનું રાષ્ટ્રીય નિવેદન પણ આપ્યું અને રિયાધમાં ભારત-GCCની સંયુક્ત મંત્રાલયની મીટિંગની સહ-અધ્યક્ષતા કરી, જેને કારણે ખાડીના દેશો સાથે વ્યૂહાત્મક સંવાદમાં વૃદ્ધિ જોવા મળી. ઓક્ટોબરમાં, વિદેશ મંત્રીએ ઇસ્લામાબાદમાં 23મી SCO કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્નમેન્ટ મીટિંગમાં ભારતનું નિવેદન આપ્યું હતું, જેમાં બહુપક્ષીય સહયોગ, સંતુલિત વિકાસ અને પ્રાદેશિક સ્થિરતા પર ભાર મૂકવામાં આવ્યો હતો.




સપ્ટેમ્બર 2024માં રિયાધમાં આયોજિત પ્રથમ ભારત-GCC સંયુક્ત મંત્રી સ્તરીય વ્યૂહાત્મક સંવાદ બેઠકના ઉદ્ઘાટન સત્રના સહ-અધ્યક્ષ તરીકે વિદેશ મંત્રી ઉપસ્થિત રહ્યા હતા

વર્ષ દરમિયાન વિદેશ મંત્રીએ નવી દિલ્હીમાં ફ્રાન્સ, ગ્રીસ, ભૂટાન, યુક્રેન, માલદીવ, બાંગ્લાદેશ, શ્રીલંકા, મલેશિયા, UAE, જમૈકા, જર્મની અને થાઇલેન્ડના વિદેશ મંત્રીઓનું પણ સ્વાગત કર્યું. વિદેશ મંત્રીએ જુલાઈમાં નવી દિલ્હીમાં BIMSTEC વિદેશ મંત્રીઓની બીજી રિટ્રીટ માટે BIMSTEC રાષ્ટ્રોના વિદેશ મંત્રીઓની યજમાની કરી હતી અને રક્ષા મંત્રી સાથે ત્રીજી 2+2 મંત્રી સ્તરીય ભારત-જાપાન બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી.

મંત્રાલયના રાજ્ય મંત્રીઓએ (MoS) દ્વારા પણ વિવિધ ભાગીદાર દેશો સાથે વાર્તાલાપ થકી ભારતની વૈશ્વિક પહોંચ વધુ બહોળી બનાવવામાં યોગદાન આપ્યું હતું. રાજ્ય મંત્રી (શ્રી વી. મુરલીધરન) એ 77ના જૂથની ત્રીજી સાઉથ સમિટમાં અને G20 વિદેશ મંત્રીઓની બેઠકોમાં ભાગ લેવા માટે અનુક્રમે યુગાન્ડા (જાન્યુઆરી) અને બ્રાઝિલ (ફેબ્રુઆરી) ની મુલાકાત લીધી હતી.

ભારતની નવી સરકારે કાર્યભાર સંભાળ્યા બાદ, રાજ્યમંત્રી (શ્રી કીર્તિ વર્ધન સિંહ) એ કુવૈત (જૂન), નોર્વે (ઓગસ્ટ), આર્મેનિયા (સપ્ટેમ્બર), મલેશિયા (સપ્ટેમ્બર), કતાર (ઓક્ટોબર), કોલંબિયા (ઓક્ટોબર-નવેમ્બર), ઝામ્બિયા (નવેમ્બર) અને અઝરબૈજાન (નવેમ્બર) ની મુલાકાત લીધી.

રાજ્યમંત્રી (શ્રી પબિત્રા માર્ગેરિટા) ડોમિનિકન રિપબ્લિક (ઓગસ્ટ), કતાર (ઓગસ્ટ) ની મુલાકાતે ગયા હતા; ગ્વાટેમાલા (ઓગસ્ટ), અલ સાલ્વાડોર (ઓગસ્ટ), પનામા (ઓગસ્ટ), ત્રિનિદાદ અને ટોબેગો (ઓગસ્ટ), મેક્સિકો, ગ્રેનાડા, બાર્બાડોસ, એન્ટિગુઆ અને બાર્બુડા (સપ્ટેમ્બર-ઓક્ટોબર), અને ઇન્ડોનેશિયા (ઓક્ટોબર).

આ મુલાકાતોનો હેતુ રાજકીય અને આર્થિક સહયોગ, સાંસ્કૃતિક આપ-લે, વેપાર અને આરોગ્યના ક્ષેત્રમાં સહયોગ અને ભારતીય મૂળના સમુદાય સાથે મુલાકાત જેવા વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવાનો હતો.

વર્ષ દરમિયાન ભારતે વિવિધ રાષ્ટ્રો/સરકારોના વડા/વિદેશ મંત્રીઓ અને અન્ય ઉચ્ચ-સ્તરીય ગણમાન્ય વ્યક્તિઓ સહિત વિવિધ ઉચ્ચ-સ્તરના પ્રતિનિધિમંડળોની પણ યજમાની કરી હતી. બાંગ્લાદેશ, ભૂતાન, ડોમિનિકા, ફ્રાન્સ, જર્મની, ગ્રીસ, જમૈકા, કુવૈત, માલદીવ, મલેશિયા, મોલ્ડોવા, સ્પેન, શ્રીલંકા, યુક્રેન, સંયુક્ત આરબ અમીરાત, વેનેઝુએલા અને વિયેતનામના રાજદ્વારી પ્રતિનિધિમંડળોએ ભારતની મુલાકાત લીધી હતી.

2024 માં, ભારતે 35 દેશો સાથે વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક (FOC) નું આયોજન કર્યું હતું. FOC એ વિદેશ મંત્રાલય અને ભાગીદાર દેશોના વિદેશ મંત્રાલયો વચ્ચે સંવાદ માટેની એક સંસ્થાકીય વ્યવસ્થા છે. વર્ષ દરમિયાન પોર્ટુગલ (જાન્યુઆરી); જાપાન (ફેબ્રુઆરી); ફ્રાન્સ (માર્ચ); આઇવરી કોસ્ટ (માર્ચ), કેપ વેર્દ (માર્ચ); મોરિટેનિયા (માર્ચ); લક્ઝમબર્ગ (એપ્રિલ); બેલ્જિયમ (એપ્રિલ); ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (એપ્રિલ); ક્રોએશિયા (એપ્રિલ); નેધરલેન્ડ (મે); સ્વીડન (મે); નોર્વે (મે); એરિટ્રિયા (મે); UK (મે); બેનિન (જૂન); ટોગો (જૂન); જર્મની (જુલાઈ); કુવૈત (જુલાઈ); ઝિમ્બાબ્વે (ઓગસ્ટ); ઝામ્બિયા (ઓગસ્ટ); ઇઝરાયેલ (ઓગસ્ટ); આર્જેન્ટિના (સપ્ટેમ્બર); ઉરુગ્વે (સપ્ટેમ્બર); ઇન્ડોનેશિયા (સપ્ટેમ્બર); મોલ્ડોવા (ઓક્ટોબર); કોલંબિયા (ઓક્ટોબર); ગિની (ઓક્ટોબર); કતાર (ઓક્ટોબર); મોન્ટેનેગ્રો (ઓક્ટોબર); સાયપ્રસ (નવેમ્બર); બોસ્નિયા અને હર્ઝેગોવિના (નવેમ્બર); સીરિયા (નવેમ્બર); રવાન્ડા (ડિસેમ્બર); અને લાઇબેરિયા (ડિસેમ્બર) સાથે FOCનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પગલાં ભારતના હિતોને આગળ વધારવા અને દેશો સાથે મજબૂત દ્વિપક્ષીય સંબંધો અને સહયોગને પ્રોત્સાહન આપવા માટે સતત કરવામાં આવતા રાજદ્વારી પ્રયાસો દર્શાવે છે.

તેની 'પડોશી પ્રથમ' નીતિ હેઠળ, ભારતે તેની નજીક આવેલ પડોશી દેશો સાથે જોડાણ અને વિકાસલક્ષી ભાગીદારીને વધારવાનો પ્રયત્ન કર્યો. ભારતના મુખ્ય ભાગીદાર તરીકે રહેલા પડોશી દેશો સાથે સંપર્ક વધારવાના પ્રયાસોના ભાગરૂપે, જૂનમાં નવી સરકારના સમારોહમાં શપથ લેવા માટે ઘણા નેતાઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. બાંગ્લાદેશના તત્કાલીન પ્રધાન મંત્રી શેખ હસીના, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહેમદ અફિફ, મોરેશિયસના તત્કાલીન પ્રધાન મંત્રી પ્રવિંદ કુમાર જગન્નાથ, માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ મીઝુ, શ્રીલંકાના તત્કાલીન રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, ભૂતાનના પ્રધાન મંત્રી દાશો ત્શેરિંગ ટોબગે અને નેપાળના તત્કાલીન પ્રધાન મંત્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' સમારોહમાં હાજર રહ્યા હતા.

ભારતનો અફઘાનિસ્તાન પ્રત્યેનો અભિગમ તેના ઐતિહાસિક સંબંધો, તેના લોકો સાથેની મિત્રતા અને સંયુક્ત રાષ્ટ્રના સંબંધિત ઠરાવો આધારિત છે. વર્ષ 2021 થી, ભારતે 50,000 મેટ્રિક ટન ઘઉં, 300 ટન તબીબી પુરવઠો, 28 ટન રાહત સહાય અને 40,000 લિટર મેલેથિઓન (જંતુનાશક) સહિતની જરૂરી માનવતાવાદી સહાય પૂરી પાડી છે. યુનાઈટેડ નેશન્સ ઑફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ (UNODC) ના સહયોગમાં ભારતે નબળા લોકો માટે, અને ખાસ મહિલાઓને લક્ષ્યમાં રાખીને આવશ્યક વસ્તુઓનું વિતરણ કર્યું હતું. ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR) દ્વારા અફઘાન વિદ્યાર્થીઓને 2,000 ઑનલાઇન શિષ્યવૃત્તિઓ પ્રદાન કરવામાં આવી હતી, જેમાંથી મહિલાઓને પ્રદાન કરવામાં આવેલી શિષ્યવૃત્તિની સંખ્યા 600 જેટલી હતી. આ ચાલી રહેલી માનવતાવાદી સહાયના કાર્યની સુગમતા માટે કાબુલમાં એક ટેકનિકલ ટીમ ઉપલબ્ધ છે.

ભારત અને બાંગ્લાદેશ ઇતિહાસ, ભાષા, સંસ્કૃતિ અને અન્ય ઘણી સમાનતાઓ ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, આ સંબંધમાં રાજકીય અને સુરક્ષા સહયોગ, વેપાર અને આર્થિક સંબંધો,

વિકાસલક્ષી ભાગીદારી, સાંસ્કૃતિક તેમજ વ્યક્તિગત આદાનપ્રદાન જેવા વિવિધ ક્ષેત્રોમાં સહયોગનો પણ ઉમેરો જોવા મળે છે. દક્ષિણ એશિયામાં વેપારના સંદર્ભમાં બાંગ્લાદેશ એ ભારતનો સૌથી મોટો ભાગીદાર છે અને એશિયામાં બાંગ્લાદેશ સૌથી વધુ નિકાસ ભારતમાં કરે છે.

જૂનમાં બાંગ્લાદેશના તત્કાલીન પ્રધાનમંત્રી શેખ હસીનાએ નવી દિલ્હીમાં વડાપ્રધાન અને મંત્રી પરિષદના શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લીધો હતો. જુલાઈ-ઓગસ્ટમાં બાંગ્લાદેશમાં બનેલી ઘટનાઓ બાદ, ભારત મુખ્ય સલાહકાર પ્રો. મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં બાંગ્લાદેશમાં વચગાળાની સરકાર સાથે સંબંધ જાળવી રહ્યું છે. મુખ્ય સલાહકાર યુનુસને સૌ પ્રથમ અભિનંદન આપનાર વૈશ્વિક નેતા પ્રધાનમંત્રી હતા, જેમને તેમણે 17 ઓગસ્ટના રોજ ત્રીજી વૉઇસ ઑફ ગ્લોબલ સાઉથ સમિટમાં ભાગ લેવા માટે પણ આમંત્રિત કર્યા હતા. સપ્ટેમ્બરમાં ન્યૂયોર્કમાં 79મી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન વિદેશ મંત્રીએ વિદેશ બાબતોના સલાહકાર તૌહીદ હુસૈન સાથે મુલાકાત કરી હતી. ડિસેમ્બરમાં, વિદેશ સચિવે ઢાકાની મુલાકાત લીધી હતી, જે દરમિયાન તેઓ બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર અને વિદેશી બાબતોના સલાહકારને મળ્યા હતા. આ વાતચીત દરમિયાન લોકશાહી, સ્થિર, શાંતિપૂર્ણ, પ્રગતિશીલ અને ઇન્કલુઝિવ બાંગ્લાદેશ માટે ભારતનો ટેકો સ્પષ્ટપણે વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આજે વિકાસના સંદર્ભમાં બાંગ્લાદેશ ભારતનો સૌથી મોટો ભાગીદાર દેશ છે. ભારતે છેલ્લા આઠ વર્ષમાં બાંગ્લાદેશને ત્રણ લાઇન ઑફ ક્રેડિટ (LOCs) આપેલ છે, જેની રકમ માર્ગ, રેલવે, શિપિંગ અને બંદરો સહિત વિવિધ ક્ષેત્રોમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે લગભગ 8 અબજ ડોલર જેટલી છે. વધુમાં, હાઇ ઇમ્પેક્ટ કમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ (HICDPs) બાંગ્લાદેશમાં ભારતની વિકાસ સહાયનો એક સક્રિય આધારસ્તંભ છે, જેમાં વિદ્યાર્થી છાત્રાલયો, શૈક્ષણિક ઇમારતો, કૌશલ્ય વિકાસ અને તાલીમ સંસ્થાઓ, સાંસ્કૃતિક કેન્દ્રો, અનાથાશ્રમો અને સામાન્ય સાંસ્કૃતિક વારસાના પુનઃસ્થાપનનો સમાવેશ થાય છે.

વર્ષ દરમિયાન ઘણા વિકાસ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવ્યા હતા. 2023 માં ખુલના-મંગલા પોર્ટ રેલ લાઇન સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી, નવેમ્બર 2024 માં અખૌરા-અગરતલા ક્રોસ બોર્ડર રેલ લિંક પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ હતી, કારણ કે તે ભારતના ઉત્તર-પૂર્વને રેલ દ્વારા બાંગ્લાદેશ સાથે જોડે છે, જેને કારણે તે પ્રદેશમાં રેલ-કનેક્ટિવિટીમાં વધારો થયો છે.

ભારત અને ભૂતાન ખૂબ સારા દ્વિપક્ષીય સંબંધો ધરાવે છે, જેના મૂલ્યમાં પરસ્પરનો વિશ્વાસ, સમજણ અને તમામ સ્તરો અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો છે. 2024 માં થયેલ ઘણા ઉચ્ચ-સ્તરીય આદાન-પ્રદાન થકી તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોમાં સતત પ્રગતિ જોવા મળી, જેમાં પ્રધાનમંત્રીની ભૂતાનની રાજકીય મુલાકાત, મહામહિમ ભૂતાનના રાજાની ભારતની સત્તાવાર મુલાકાત, ભૂતાનના પ્રધાનમંત્રીની ભારતની સત્તાવાર મુલાકાતો અને અન્ય મંત્રી-સ્તરની મુલાકાતોનો સમાવેશ થાય છે. ભારત દ્વારા તેની તેરમી પંચવર્ષીય યોજના (2024-2029) માં ભૂતાન માટેની સહાય બમણી કરવામાં આવી, અને આમ ભૂતાન સાથે વિકાસલક્ષી સહયોગમાં વધુ વિસ્તરણ જોવા મળ્યું. ભૂતાનમાં ભારતની સહાયથી નિર્માણ હેઠળના હાઇડ્રો પાવર પ્રોજેક્ટમાં પ્રગતિ જોવા મળી હતી, જેમાં પુનાત્સાંગછુ II હાઇડ્રોપાવર પ્રોજેક્ટ પૂર્ણ થવાને આરે છે. સપ્ટેમ્બરમાં યોજાયેલી વાણિજ્ય સચિવ સ્તરની વાટાઘાટો દરમિયાન ઘણા મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યા, જેને પરિણામે વેપાર અને આર્થિક સહયોગમાં વિસ્તરણ થતું જોવા મળ્યું. આસામના દરંગા ખાતે ઇમિગ્રેશન ચેકપોસ્ટ ખૂલવાથી અને રેલ માર્ગે જોડાવાને કારણે બે દેશો વચ્ચેની સરહદ પાર જોડાણને સકારાત્મક ગતિ સાંપડી.

ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ આર્થિક સહાય દ્વારા થયેલ મુખ્ય વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ હેઠળ, ગ્યાલત્સુએન જેત્સુન પેમા વાંગચુક મધર એન્ડ ચાઇલ્ડ હોસ્પિટલ માર્ચમાં તૈયાર થઈ

હતી. આ હોસ્પિટલ 150 દર્દીઓની ક્ષમતા ધરાવે છે અને તેમાં બાળરોગ, સ્ત્રીરોગ અને પ્રસૂતિશાસ્ત્ર, એનેસ્થેસિયોલોજી, એક ઓપરેશન થિયેટર, નવજાત શિશુ માટે ઇન્ટેન્સિવ કેરની સુવિધા અને બાળકો માટે ઇન્ટેન્સિવ કેરની અત્યાધુનિક સુવિધાઓ ધરાવે છે.




પ્રધાનમંત્રી અને ભૂતાનના પ્રધાનમંત્રી ત્શેરિંગ ટોબગેએ માર્ચ 2024 માં થિમ્પુમાં ભારત સરકારની સહાયથી બનેલ ગ્યાલત્સુએન જેત્સુન પેમા વાંગચુક મધર એન્ડ ચાઇલ્ડ હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું હતું, જે એક અત્યાધુનિક હોસ્પિટલ છે.

માલદીવ એ દરિયામાર્ગે આવેલો પડોશી દેશ છે જેની સાથે ભારત પ્રાચીનકાળથી વંશીય, ભાષાકીય, સાંસ્કૃતિક, ધાર્મિક અને વ્યાપારી સંબંધો ધરાવે છે. બંને રાષ્ટ્રો હિંદ મહાસાગર ક્ષેત્ર (IOR) ની સલામતી અને સુરક્ષા જાળવવામાં મુખ્ય ખેલાડીઓ છે અને ભારતની પડોશી પ્રથમ નીતિ અને સિક્યોરિટી એન્ડ ગ્રોથ ફોર ઑલ ઇન ધ રિજન (SAGAR) સિદ્ધાંત હેઠળ માલદીવ વિશેષ સ્થાન ધરાવે છે.

માલદીવ સાથે દ્વિપક્ષીય સહયોગના કેન્દ્રમાં સ્વાભાવિક રીતે જ દરિયાઈ સુરક્ષા, જોડાણ, લોકોથી લોકોના પરસ્પર સંબંધો અને સમુદાયના નિર્માણ માટે માળખાગત પ્રોજેક્ટ્સના વિકાસની વાતો રહી છે. ઓગસ્ટમાં, વિદેશ મંત્રીએ માલદીવની મુલાકાત લીધી હતી જ્યાં તેમણે રાષ્ટ્રપતિ, તત્કાલીન વિદેશ મંત્રી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રીએ અદ્દુ રિક્લેમેશન એન્ડ શોર પ્રોટેક્શન પ્રોજેક્ટ અને અદ્દુ ડિટૂર લિંક બ્રિજ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું, જે બંને ગ્રેટર મેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટ (GMCP) માટે ભારતે આપેલી સહાય અંતર્ગત આવે છે. વધુમાં, વિદેશ મંત્રી અને માલદીવના વિદેશ મંત્રી દ્વારા સંયુક્ત રીતે છ HICDP ની સાથે સાથે, 28 ટાપુઓ પર ભારતની લાઇન ઓફ ક્રેડિટ (LOC) ની મદદથી નિર્મિત પાણી અને ગટર વ્યવસ્થાને લગતા પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. માલદીવના 1,000 સરકારી કર્મચારીઓને ભારતમાં તાલીમ આપીને તેમની ક્ષમતા વધારવા માટે MoU કરવામાં આવ્યા હતા, અને માલદીવમાં યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (UPI) સિસ્ટમની શરૂઆત કરવામાં આવી હતી.

ઓક્ટોબરમાં માલદીવના રાષ્ટ્રપતિ ભારતની રાજકીય યાત્રાએ આવ્યા હતા અને માનનીય રાષ્ટ્રપતિજી અને પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ મીઝુએ ભારત-માલદીવના સંબંધોમાં પ્રથમ વાર એવું 'આર્થિક અને દરિયાઈ સુરક્ષા માટે વ્યાપક ભાગીદારી' નું વિઝન અપનાવ્યું. પરસ્પર હિતના વિવિધ ક્ષેત્રોને આવરી લેતા અનેક MoU અને સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. હનીમાધૂ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર નવા રનવેનું ઉદ્ઘાટન એ મુલાકાત દરમિયાનનો મહત્વપૂર્ણ પ્રસંગ હતો, જેનાથી માલદીવની ઉડ્ડયન ક્ષમતામાં વધારો થયો. વધુમાં, માલદીવમાં આવાસને લગતી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે, એક્ઝિમ બેંક ઓફ ઇન્ડિયાની બાયર્સ ક્રેડિટ ની મદદથી બાંધવામાં આવેલા 700 સામાજિક આવાસ એકમોને સત્તાવાર રીતે સોંપવામાં આવ્યા હતા. આ ઉપરાંત, આ મુલાકાત દરમિયાન માલદીવમાં રૂપે કાર્ડની પણ શરૂઆત કરવામાં આવી હતી.

મ્યાનમાર એ ભારત સાથે લાંબી ભૂમિ અને દરિયાઇ સીમા ધરાવતો એક મહત્વપૂર્ણ પાડોશી દેશ છે. મ્યાનમાર, કે જે ભારતની પડોશી પ્રથમ અને એક્ટ ઇસ્ટ નીતિઓના સમન્વયરૂપ છે, તે આસિયાન રાષ્ટ્રો સહિત દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશો સાથે ભારતના જોડાણ માટે મહત્વપૂર્ણ છે. ભારત અને મ્યાનમાર સાંસ્કૃતિક, ઐતિહાસિક અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો ધરાવે છે. સાંસ્કૃતિક રીતે બૌદ્ધ ધર્મ એક મહત્વપૂર્ણ જોડતી કડી છે, જે મ્યાનમાર અને ભારત વચ્ચેના સામાન્ય વારસાનો એક ભાગ છે.

મ્યાનમારમાં ફેબ્રુઆરી 2021 થી રાજકીય અને સુરક્ષાને લગતી પરિસ્થિતિ વણસેલી જોવા મળે છે. મ્યાનમારમાં વર્તમાનમાં બની રહેલી સુરક્ષાની તેમજ માનવતાવાદી પરિસ્થિતિ ચિંતાનો વિષય છે કારણ કે તેની સીધી અસર ભારત પર પડે છે. ભારતે હિંસાને સંપૂર્ણપણે રોકવા, વાતચીત દ્વારા મુદ્દાઓનું નિરાકરણ લાવવા, રાજકીય અટકાયતીઓની મુક્તિ અને મ્યાનમારને વહેલી તકે લોકશાહી તરફના માર્ગ પર પાછા ફરવા હાકલ કરી છે.

ભારત અને નેપાળ તેમના અનન્ય, બહુઆયામી અને મજબૂત સંબંધો વધુ મજબૂત બની રહ્યા છે, જે તેમની ઐતિહાસિક, સાંસ્કૃતિક, ભૌગોલિક અને સભ્યતામાં સમાનતા ધરાવે છે. ભારત અને નેપાળ વચ્ચે રહેલી ખુલ્લી સરહદ અને નાગરિકોની મુક્ત અવરજવર આ મજબૂત અને ઊંડા સંબંધોનું પ્રતિબિંબ છે. ભારતના પડોશી પ્રથમ અભિગમને અનુરૂપ, ઊર્જા, વેપાર, રેલ્વે, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને સંસ્કૃતિ સુધીની વિવિધ જોડાણો અંગેની કરવામાં આવેલી પહેલ ઝડપથી વિસ્તરી અને મજબૂત થઈ છે.

જૂન મહિનામાં નવી દિલ્હીમાં નેપાળના તત્કાલીન પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' પ્રધાનમંત્રીના શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા હતા. જુલાઈમાં નેપાળના નવનિયુક્ત પ્રધાનમંત્રી કે.પી. શર્મા ઓલીને પ્રધાનમંત્રી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા. ત્યારબાદ, પ્રધાનમંત્રી ઓલીએ ઓગસ્ટમાં ભારત દ્વારા આયોજિત ત્રીજી વૉઇસ ઑફ ગ્લોબલ સાઉથ સમિટમાં વર્ચ્યુઅલ રીતે ભાગ લીધો હતો. સપ્ટેમ્બરમાં ન્યૂયોર્કમાં UN જનરલ એસેમ્બલીના 79મા સત્ર દરમિયાન પણ બે નેતાઓ વચ્ચે મુલાકાત થઈ હતી.



સપ્ટેમ્બર 2024માં ન્યૂયોર્કમાં આયોજિત UN જનરલ એસેમ્બલીના 79મા સત્ર દરમિયાન પ્રધાનમંત્રીની નેપાળના પ્રધાનમંત્રી કે.પી. શર્મા ઓલી સાથે મુલાકાત યોજાઈ હતી.

જાન્યુઆરીમાં વિદેશ મંત્રીએ નેપાળની મુલાકાત લીધી હતી અને નેપાળના તત્કાલીન વિદેશ મંત્રી નારાયણ પ્રકાશ સઉદ સાથે મુલાકાત કરી હતી અને દ્વિપક્ષીય સહયોગના સમગ્ર સ્પેક્ટ્રમની સમીક્ષા કરી હતી. ત્યાર બાદ ઓગસ્ટમાં નેપાળના નવા વિદેશ મંત્રી ડૉ. આરઝુ રાણા દેઉબાએ ભારતની સત્તાવાર મુલાકાત લીધી હતી, જે દરમિયાન તેઓ પ્રધાનમંત્રીને મળ્યા હતા.

ભારત અને શ્રીલંકા વચ્ચે બૌદ્ધિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને ભાષાકીય ક્રિયાપ્રતિક્રિયા અને સંબંધોનો વારસો 2500 વર્ષથી વધુ જૂનો છે. પડોશી પ્રથમ નીતિ તેમજ સાગરના સિદ્ધાંત, એ બંને દ્રષ્ટિકોણથી શ્રીલંકા એક મહત્વપૂર્ણ ભાગીદાર છે.

વર્ષ દરમિયાન આર્થિક, વિકાસલક્ષી, સાંસ્કૃતિક અને લોકોથી લોકોના પરસ્પર સંબંધોને વધુ ગાઢ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરતી વિવિધ નેતૃત્વ-સ્તરની પ્રવૃત્તિઓ અને પહેલો દ્વારા દ્વિપક્ષીય સંબંધો જળવાઈ રહ્યા.

ફેબ્રુઆરીમાં પ્રધાનમંત્રીએ શ્રીલંકાના તત્કાલીન રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે સાથે મળીને શ્રીલંકામાં UPIનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ, રાષ્ટ્રપતિ વિક્રમસિંઘેએ 9-10 જૂને પ્રધાનમંત્રીના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે ભારતની મુલાકાત લીધી હતી અને બાદમાં ઓગસ્ટમાં વોઇસ ઑફ ગ્લોબલ સાઉથ સમિટના ત્રીજા સંસ્કરણમાં ભાગ લીધો હતો.

જૂનમાં વિદેશ મંત્રીએ શ્રીલંકાની મુલાકાત લીધી હતી અને શ્રીલંકાના તત્કાલીન વિદેશ મંત્રી એમ.યુ.એમ. અલી સાબરી સાથે વિગતવાર ચર્ચા કરી હતી. 20 જૂને વિદેશ મંત્રીની કોલંબોની મુલાકાત દરમિયાન, 6 મિલિયન ડોલરના ભારતીય ગ્રાન્ટથી સ્થાપિત શોધ અને બચાવ કામગીરી માટેના એક મુખ્ય કેન્દ્ર, મેરીટાઇમ રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર (MRCC)નું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

શ્રીલંકામાં નવી સરકાર અને નવું રાજકીય નેતૃત્વ ચૂંટાયા બાદ, વિદેશ મંત્રીએ ઓક્ટોબરમાં શ્રીલંકાની મુલાકાત લીધી હતી અને નવા રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકાને મળનારા પ્રથમ વિદેશી મહાનુભાવ બન્યા. મુલાકાત દરમિયાન વિદેશ મંત્રીએ શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરથ સાથે પણ ચર્ચા કરી હતી. 15-17 ડિસેમ્બરના રોજ રાષ્ટ્રપતિ અનુરા કુમાર દિસાનાયક ભારતની રાજકીય મુલાકાતે આવ્યા હતા. રાષ્ટ્રપતિ બન્યા બાદ તેમની આ પ્રથમ વિદેશ યાત્રા હતી. રાષ્ટ્રપતિ દિસાનાયકે અને પ્રધાનમંત્રી દ્વારા "સહિયારા ભવિષ્ય માટે ભાગીદારીને પ્રોત્સાહન આપવું" શીર્ષક ધરાવતું સંયુક્ત નિવેદન આપવામાં આવ્યું.



શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે ભારતની તેમની પ્રથમ રાજકીય મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીને મળ્યા હતા અને બંને નેતાઓ દ્વારા ડિસેમ્બર 2024માં નવી દિલ્હીમાં "સહિયારા ભવિષ્ય માટે ભાગીદારીને પ્રોત્સાહન આપવું" શીર્ષક ધરાવતું સંયુક્ત નિવેદન આપવામાં આવ્યું હતું.

ભારત પાકિસ્તાન સાથે સામાન્ય પડોશી જેવા જ સંબંધોની ઇચ્છા ધરાવે છે, પરંતુ ભારતનું માનવું છે કે બંને દેશો વચ્ચેના મુદ્દાઓનો ઉકેલ દ્વિપક્ષીય અને શાંતિપૂર્ણ રીતે આતંક, શત્રુતા અને હિંસામુક્ત વાતાવરણમાં આવવો જોઈએ. આ પ્રકારનું અનુકૂળ વાતાવરણ બનાવવાની જવાબદારી પાકિસ્તાનની છે. રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ભારત કોઈ સમાધાન કરશે નહીં અને ભારતની સુરક્ષા અને પ્રાદેશિક અખંડિતતાને નબળી પાડવાના તમામ પ્રયાસોનો સામનો કરવા માટે મજબૂત અને નિર્ણાયક પગલાં લેવામાં આવશે તે ભારત દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

કેદીઓ અને માછીમારોની આપ-લે અને પાકિસ્તાન સાથે ધાર્મિક યાત્રાઓના આયોજન જેવી સમસ્યાઓના ઉકેલ માટે ભારત દ્વારા પગલાં લેવાઈ રહ્યા છે. જાન્યુઆરીમાં ભારત અને પાકિસ્તાન દ્વારા, જે પરમાણુ મથકો અને સુવિધાઓ પરના હુમલાને પ્રતિબંધ કરવામાં આવેલ છે તેવા, ભારત અને પાકિસ્તાન વચ્ચેના કરાર હેઠળ આવરી લેવામાં આવેલા તેમના પરમાણુ મથકો અને સુવિધાઓની યાદી એકબીજાને સુપ્રત કરવામાં આવી. વિદેશ મંત્રીએ ઓક્ટોબરમાં 23મી SOC કાઉન્સિલ ઑફ ગવર્મેન્ટ મીટિંગમાં ભાગ લેવા માટે પાકિસ્તાનની મુલાકાત લીધી હતી.

પ્રાદેશિક જોડાણ અને સહયોગ વધારવાના હેતુથી, ભારતે બે ઑફ બેંગોલ ઈનીશીએટિવ ફોર મલ્ટી સેકટોરલ ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (BIMSTEC) હેઠળ અંદર વિવિધ પહેલોમાં પણ યોગદાન આપ્યું હતું. જુલાઈમાં વિદેશ મંત્રીએ નવી દિલ્હીમાં અન્ય BIMSTEC દેશોના વિદેશ મંત્રીઓ માટે બીજી BIMSTEC ફોરેન મિનિસ્ટર્સ રિટ્રીટનું આયોજન કર્યું હતું. ત્યારબાદ ઓગસ્ટમાં ભારતે નવી દિલ્હીમાં પહેલી BIMSTEC બિઝનેસ સમિટનું આયોજન કર્યું હતું, જેમાં બંગાળની ખાડી ક્ષેત્રમાંથી 300થી વધુ હિસ્સેદારોએ ભાગ લીધો હતો.

જૂનમાં પ્રધાનમંત્રીએ બિહારના રાજગીર નજીક નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું. પ્રધાનમંત્રીના ત્રીજા કાર્યકાળના 100 દિવસની અંદર પ્રારંભ કરવામાં આવેલો આ પ્રથમ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હતો. યુનિવર્સિટીનો ઉદ્દેશ્ય નાલંદાના પ્રાચીન ગૌરવને બૌદ્ધિક, દાર્શનિક, ઐતિહાસિક અને આધ્યાત્મિક અભ્યાસ માટે એક આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે પુનર્જીવિત કરવાનો છે. આ પ્રયાસમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ભૂતાન, બ્રુનેઈ દારુસલામ, કંબોડિયા, ચીન, ઇન્ડોનેશિયા, લાઓસ, મોરેશિયસ, મ્યાનમાર, ન્યૂઝીલેન્ડ, પોર્ટુગલ, સિંગાપોર, દક્ષિણ કોરિયા, શ્રીલંકા, થાઈલેન્ડ અને વિયેતનામ સહિત 17 દેશો ભાગ લઈ રહ્યા છે. યુનિવર્સિટી કેમ્પસના ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લેવા માટે આ દેશોના રાજદૂતોએ નાલંદાની મુલાકાત લીધી હતી.

સમગ્ર વર્ષ દરમિયાન ભારતે ઉચ્ચ સ્તરીય રાજદ્વારી, આર્થિક અને સાંસ્કૃતિક જોડાણો દ્વારા કોમોરોસ, મડાગાસ્કર, મોરેશિયસ અને સેશેલ્સ સહિત હિંદ મહાસાગર ક્ષેત્રના દેશો સાથે તેના સંબંધો મજબૂત બનાવ્યા. ભારતે કોમોરોસના રાષ્ટ્રપતિ અઝાલી અસુમાની અને સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહેમદ અફિફ સહિત આ પ્રદેશના નેતાઓને આમંત્રિત કરીને ભારતે પોતાની સાગર વિઝનને પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ બેઠકોમાં દ્વિપક્ષીય સંબંધોને વધારવા અને પ્રાદેશિક સહકારને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

ભારતના પ્રધાનમંત્રી અને મોરેશિયસના તત્કાલીન પ્રધાનમંત્રી પ્રવિંદ જુગનાથ દ્વારા અગાલેગા ટાપુ પર એક નવી હવાઈ પટ્ટી અને જેટીનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, સાથે જ ભારત સરકારની આર્થિક સહાયથી અમલમાં મુકાયેલા સમુદાયના વિકાસના છ પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વર્લ્ડ ગવર્ન્મેન્ટસ સમિટ દરમિયાન પ્રધાનમંત્રીએ મડાગાસ્કરના રાષ્ટ્રપતિ એન્ડ્રી રાજોએલિના સાથે મુલાકાત કરી હતી. સંરક્ષણ ક્ષેત્રે સહયોગમાં 'મિલન 2024' જેવી સંયુક્ત કવાયત અને મેરીટાઇમ હેડ્સ ફોર એક્ટિવ સિક્યુરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઇન ધ રિજન (મહાસાગર) બેઠકોનો સમાવેશ થાય છે.

ભારતીય નૌકાદળ દ્વારા નવેમ્બરમાં ઉચ્ચ-સ્તરીય વર્ચ્યુઅલ ઇન્ટરેક્શન મહાસાગરના ત્રીજા સંસ્કરણનું આયોજન કરવામાં આવ્યું હતું, જે દરમિયાન નૌકાદળના વડાએ હિંદ મહાસાગર ક્ષેત્રના દરિયાકાંઠાના દેશો, જેમ કે, બાંગ્લાદેશ, કોમોરોસ, કેન્યા, મેડાગાસ્કર, માલદીવ, મોરેશિયસ, મોઝામ્બિક, સેશેલ્સ, શ્રીલંકા અને તાન્ઝાનિયા વગેરે દેશોના નૌકાદળ/દરિયાઈ એજન્સીઓના વડાઓ અને વરિષ્ઠ આગેવાનો સાથે ચર્ચા-વિચારણા કરી હતી. આ ચર્ચાનો વિષય 'ટ્રેનિંગ કોઓપરેશન ટુ મિટીગેટ કોમન મેરિટાઈમ સિક્યોરિટી ચેલેન્જીસ ઇન IOR' હતો, જે હિંદ મહાસાગર ક્ષેત્રમાં સૌને માટે રહેલા દરિયાઈ પડકારોને ઘટાડવા માટે ક્ષમતા નિર્માણમાં સહયોગ માટે વર્તમાનમાં લેવાઈ રહેલા તેમજ આવશ્યક પગલાંઓને દર્શાવે છે.

ફેબ્રુઆરીમાં એક થી વધુ દેશોને આવરી લેતી કવાયત MILAN નું બારમું સંસ્કરણ શરૂ કરવામાં આવ્યું. આ સૌથી મોટું સંસ્કરણ હતું, જેમાં ભારતીય જહાજો અને અન્ય ભાગીદાર દેશોના 16 વિદેશી યુદ્ધ જહાજો અને પ્રતિનિધિમંડળો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. આ કવાયત થકી સમાન વિચારધારા ધરાવતા દેશોએ દરિયાઈ સુરક્ષા, શાંતિ અને સમૃદ્ધિના સહિયારા ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે જરૂરી પ્રાદેશિક તાલમેલ સ્થાપિત કરવા માટે સંયુક્ત રીતે તાલીમ તેમજ સંચાલન માટે હળીમળીને કાર્ય કર્યું.

ઍક્ટ ઇસ્ટ નીતિના સમગ્ર માળખા હેઠળ દક્ષિણપૂર્વ એશિયાઈ દેશો અને ઇન્ડો-પેસિફિકના દેશો સાથે ભારતનું જોડાણ આ વર્ષે વિવિધ સ્તરે વિસ્તરતું અને ગાઢ બનતું રહ્યું. મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ ઓગસ્ટમાં ભારતની રાજકીય મુલાકાતે પધાર્યા હતા અને પ્રધાનમંત્રી સાથે ચર્ચા સંવાદ કર્યો હતો. મુલાકાત દરમિયાન, ભારત-મલેશિયા દ્વિપક્ષીય સંબંધોને 2015 માં સ્થાપિત વ્યૂહાત્મક ભાગીદારીથી આગળ લઈ જઇને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રીએ 03-04 સપ્ટેમ્બરના રોજ બ્રુનેઈની સીમાચિહ્નરૂપ મુલાકાત લીધી, જે કોઈ ભારતીય પ્રધાનમંત્રીની પ્રથમ દ્વિપક્ષીય સત્તાવાર મુલાકાત હતી. નોંધપાત્ર છે કે આ મુલાકાત સમયે ભારત-બ્રુનેઈ રાજદ્વારી સંબંધોની સ્થાપનાને 40 વર્ષ પૂરા થતા હતા. પ્રધાનમંત્રીએ 10-11 ઓક્ટોબરના રોજ 21મી આસિયાન-ભારત સમિટ અને 19મી ઈસ્ટ એશિયા સમિટ માટે વિએન્ટિયન, લાઓસની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ લાઓ પીડીઆરના પ્રધાનમંત્રી સોનેક્સે સિફાંડન સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી હતી.



ઓગસ્ટ 2024 માં પ્રધાનમંત્રીએ નવી દિલ્હી ખાતે મલેશિયાના પ્રધાનમંત્રી, દાતો'સેરી અનવર બિન ઇબ્રાહિમ સાથે મુલાકાત કરી હતી




ઓક્ટોબર 2024માં વિયેન્ટિયાનમાં આયોજિત 21મી આસિયાન-ભારત સમિટમાં આસિયાન દેશોના નેતાઓ સાથે પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રીએ 04-05 સપ્ટેમ્બરના રોજ સિંગાપુરની મુલાકાત લીધી હતી. આ પ્રધાનમંત્રીની સિંગાપુરની પાંચમી મુલાકાત હતી. મુલાકાત દરમિયાન ભારત-સિંગાપોર સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીનો દરજ્જો આપવામાં આવ્યો હતો અને સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ, ડિજિટલ ટેકનોલોજી, આરોગ્યસંભાળ અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રોમાં સહયોગ માટે ચાર MoU કરવામાં આવ્યા હતા.

જુલાઈમાં વિયેન્ટિયાનમાં આસિયાન-ભારત વિદેશ મંત્રીઓની બેઠક અને પોસ્ટ મિનિસ્ટરીઅલ પરિષદમાં વિદેશ મંત્રીએ ભાગ લીધો હતો. વર્ષ દરમિયાન વિદેશ મંત્રી દ્વારા બ્રુનેઈ (જુલાઈ), કંબોડિયા (જુલાઈ), ઇન્ડોનેશિયા (ઓક્ટોબર અને નવેમ્બર), મલેશિયા (માર્ચ, જુલાઈ અને ઓક્ટોબર), ફિલિપાઇન્સ (માર્ચ), સિંગાપોર (ઓગસ્ટ) અને થાઇલેન્ડ (નવેમ્બર) ના વિદેશ મંત્રીઓ સાથે મુલાકાત અને ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્ષા મંત્રીએ 20-22 નવેમ્બરના રોજ 11મી આસિયાન સંરક્ષણ મંત્રીઓની બેઠક-પ્લસ (ADMM પ્લસ) માટે વિયેન્ટિયાનની મુલાકાત લીધી હતી જેથી દ્વિપક્ષીય સહયોગને વેગ આપી શકાય અને પ્રાદેશિક વિકાસ પર વિચારોનું આદાન-પ્રદાન કરી શકાય.



ગવર્નર જનરલ ડેમ સિન્ડી કિરો દ્વારા ગવર્નમેન્ટ હાઉસ ખાતે માનનીય રાષ્ટ્રપતિજીનું પરંપરાગત માઓરી "પોહ્વિરી" સમારોહ સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.


ભારત-ઓસ્ટ્રેલિયા દ્વિપક્ષીય સંબંધોમાં ઉચ્ચ સ્તરીય વાર્તાલાપ યોજાયો હતો અને વિવિધ ક્ષેત્રોમાં સહકારને ગાઢ બનાવવામાં આવ્યો હતો. G20 સમિટની સાથે સાથે રિયો ડી જાનેરોમાં નવેમ્બરમાં બીજી ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક સમિટનું આયોજિત કરવામાં આવ્યું હતું. દ્વિપક્ષીય સમિટમાં, પ્રધાનમંત્રી અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બેનીઝે ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે નવીનીકરણ ઊર્જા ક્ષેત્રે શરૂ થયેલી ભાગીદારીનું સ્વાગત કર્યું. નવેમ્બરમાં કેનબેરામાં આયોજિત, ભારત-ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રીઓના 15મામા ફ્રેમવર્ક સંવાદ હેઠળ, ભારતના વિદેશ મંત્રી અને ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વૉંગે દ્વિપક્ષીય સહકારના તમામ પાસાઓની સમીક્ષા કરી. વિદેશ મંત્રીએ ફેબ્રુઆરીમાં પર્થમાં ઇન્ડિયન ઓશન કોન્ફરન્સમાં પણ ભાગ લીધો હતો. વિદેશ મંત્રીની નવેમ્બરની મુલાકાત દરમિયાન તેમણે બ્રિસ્બેનમાં ક્વીન્સલેન્ડના ગવર્નર જેનેટ યંગ સાથે ભારતના નવા દૂતાવાસનું ઉદ્ઘાટન કર્યું હતું. ઓક્ટોબરમાં ચોથી 2+2 વિદેશ અને સંરક્ષણ સચિવોના પરામર્શ દરમિયાન સંરક્ષણ સહયોગમાં સઘન પ્રગતિ જોવા મળી.

ન્યૂઝીલેન્ડ સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધોમાં ઉચ્ચ-સ્તરીય આદાન-પ્રદાન જોવા મળ્યું. ઓગસ્ટમાં માનનીય રાષ્ટ્રપતિજી ન્યૂઝીલેન્ડની રાજકીય યાત્રાએ ગયા હતા. તેમની મુલાકાત દરમિયાન, દ્વિપક્ષીય કસ્ટમ્સ કોઓપરેશન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, અને જુલાઈમાં તેની સંસદ દ્વારા બહાલી આપવામાં આવ્યા બાદ ન્યૂઝીલેન્ડ ISA માં જોડાયું હતું. ઓક્ટોબરમાં, પ્રધાનમંત્રી વિયેન્ટિયાનમાં આસિયાન-ભારત સમિટ દરમિયાન ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સનને મળ્યા હતા. નવેમ્બરના અંતમાં, વિદેશ મંત્રીએ કેનબેરામાં 'રાયસીના ડાઉન અંડર' દરમિયાન ન્યૂઝીલેન્ડના નાયબ પ્રધાન મંત્રી અને વિદેશ મંત્રી વિન્સ્ટન પીટર્સ સાથે બેઠક યોજી હતી.

ભારતે તેની ઍક્ટ ઇસ્ટ નીતિ હેઠળ પેસિફિક ટાપુઓના દેશો (PICs) સાથે મજબૂત અને બહુપક્ષીય ભાગીદારી સ્થાપિત કરી છે, જેમાં વિકાસને લગતો સહયોગ, જળવાયુ અંગેના પગલાં,

આરોગ્ય ક્ષેત્રે પહેલ અને સાંસ્કૃતિક સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. દક્ષિણ-દક્ષિણ સહકાર થકી ભારત ફીજી, પાપુઆ ન્યુ ગિની, નાઉરૂ, સોલોમન ટાપુઓ, ટોંગા, તુવાલુ, કિરીબાતી, પલાઉ, વાનુઆટુ અને રિપબ્લિક ઑફ માર્શલ આઇલેન્ડ સહિત તમામ 14 PICs ને સૌર વીજળીકરણ, પાણીનો સંગ્રહ, આપત્તિ સમયે રાહત અને આરોગ્યસંભાળ વ્યવસ્થાઓ જેવા વિવિધ વિકાસ પ્રોજેક્ટ માટે વાર્ષિક અનુદાન રૂપે સહાય પૂરી પાડે છે. નવેમ્બરમાં ગ્લોબલ બાયોફ્યુઅલ્સ એલાયન્સમાં ફિજી તેના 28મા સભ્ય તરીકે જોડાયો હતો. નવેમ્બરમાં ફિજીના નાયબ પ્રધાન મંત્રી મનોઆ કામિકામિકાએ ઇન્ટરનેશનલ કોઓપરેટિવ એલાયન્સ (ICA) ની મહાસભા અને વૈશ્વિક પરિષદમાં ભાગ લીધો હતો, જેનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી દ્વારા દિલ્હીમાં કરવામાં આવ્યું હતું. ICA, જે વૈશ્વિક સહકારી ચળવળ માટે અગ્રણી સંસ્થા છે તેણી ICA ગ્લોબલ કોઓપરેટિવ કોન્ફરન્સ અને ICA મહાસભાનું આયોજન ભારતમાં ICA ના 130 વર્ષના લાંબા ઇતિહાસમાં પ્રથમ વખત કરવામાં આવ્યું હતું.

રાજ્યમંત્રી (PM) એ અલગથી ઓગસ્ટમાં 53મા પેસિફિક આઇલેન્ડ્સ ફોરમ (PIF) નેતાઓની બેઠકમાં હાજરી આપવા માટે ટોંગાની મુલાકાત લીધી હતી અને પ્રત્યેક 14 PICs ને તેમની જરૂરિયાતો અનુસાર, 50,000 ડોલરના ક્વિક ઇમ્પેક્ટ પ્રોજેક્ટ (QIP) માટે ભારતની સહાયની જાહેરાત કરી હતી. PIF ની બેઠકમાં ભારત મંત્રી સ્તરે પ્રથમ વાર હાજર રહ્યું હતું. ભારતે ભૂસ્ખલન રાહત કાર્ય માટે પાપુઆ ન્યૂ ગિનીને 1 મિલિયન ડોલર અને ભૂકંપ પછી વાનુઆટુને 500,000 ડોલર સહિત નોંધપાત્ર માનવતાવાદી સહાય પણ પ્રદાન કરી હતી. જળવાયુ પરિવર્તનને લગતા પગલાંને પ્રાથમિકતા આપતા, સોલોમન ટાપુઓ અને ટોંગામાં ISA હેઠળ સૌર ઊર્જાને ઉપયોગ વધારવાના પ્રોજેક્ટ્સ અને તે માટે વ્યાપક પહેલ કરવામાં આવી છે. PIF ના સભ્ય દેશો સાથે આરોગ્યની બાબતોમાં સહયોગમાં દવાઓ અને સાધનોનો પુરવઠો, સોલોમન ટાપુઓ અને નૌરુ દ્વારા ભારતીય ફાર્માકોપીને માન્યતા અને વર્ષ દરમિયાન નાઉરુમાં સૌ પ્રથમ જન ઔષધિ કેન્દ્રની સ્થાપનાનો સમાવેશ થાય છે.



સપ્ટેમ્બર 2024માં વિલ્મિંગ્ટનમાં તત્કાલીન US રાષ્ટ્રપતિ બાઇડન દ્વારા આયોજિત છઠ્ઠી ક્વાડ લીડર્સ સમિટમાં પ્રધાનમંત્રીએ જાપાનના તત્કાલીન પ્રધાન મંત્રી ફુમિયો કિશિદા અને ઓસ્ટ્રેલિયાના પ્રધાન મંત્રી એન્થની આલ્બનીઝ સાથે ભાગ લીધો હતો.

ભારતનો હિંદ-પ્રશાંત ક્ષેત્ર પ્રત્યેનો અભિગમ એવા પ્રદેશની હિમાયત પર કેન્દ્રિત છે જે મુક્ત, મોકળા, સમાવિષ્ટ અને આંતરરાષ્ટ્રીય કાયદા દ્વારા સંચાલિત હોય. આ વર્ષ ભારતની ઍક્ટ ઇસ્ટ નીતિ અને સાગર સિદ્ધાંત હેઠળ ઇન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે તેના અભિગમના દશક તરીકે

ઉજવવામાં આવ્યું. પ્રધાનમંત્રીએ અમેરિકાના વિલ્મિંગ્ટનમાં ક્વાડ લીડર્સ સમિટમાં 21 સપ્ટેમ્બર 2024, ઓસ્ટ્રેલિયા, જાપાન અને USA ના સમકક્ષ નેતાઓ સાથે ભાગ લીધો હતો. ક્વાડ નેતાઓએ સ્વાસ્થ્ય, સુરક્ષા, ટેકનોલોજી, જળવાયુ પરિવર્તન અને માળખાગત સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને, વિશ્વ કલ્યાણ માટે કાર્ય કરતા આ જૂથની ભૂમિકા પર ભાર મૂક્યો. અહીં સર્વાઇકલ કેન્સર સામે ક્વાડ કેન્સર મૂનશૉટ અને મહામારી સામે લડવા માટેની તૈયારીમાં સુધારો કરવા માટે પહેલ કરવામાં આવી. ક્વાડની છત્રછાયા હેઠળ દરિયાઈ ક્ષેત્રે જાગૃતિ માટે હિન્દ-પ્રશાંત ભાગીદારી અને નવી તાલીમ પહેલ દ્વારા દરિયાઈ સુરક્ષા માટેના પ્રયાસોને આગળ ધપાવવામાં આવ્યા. ક્વાડ પોર્ટ્સ ઓફ ધ ફ્યુચર પાર્ટનરશિપ અને સમુદ્રની નીચેથી પસાર થતા કેબલના અપગ્રેડ જેવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ દ્વારા કનેક્ટિવિટી અને ટકી રહેવાની ક્ષમતા પર ભાર મૂકવામાં આવ્યો. ટેકનોલોજીના ક્ષેત્રમાં ક્વાડ નેતાઓએ AI, બાયોટેકનોલોજી અને સેમિકન્ડક્ટર્સમાં નવી પહેલ કરવાની જાહેરાત કરી.

ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (US) એક વૈશ્વિક રીતે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદાર છે જે લોકશાહીના એક સમાન મૂલ્યો, વિવિધ મુદ્દાઓ પર હિતોનું સંકલન અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો દ્વારા સંચાલિત છે તથા માનવ પ્રયાસોના લગભગ તમામ ક્ષેત્રોને આવરી લે છે. નેતાઓ વચ્ચે નિયમિત સંવાદ દ્વિપક્ષીય સંબંધોને વિસ્તૃત કરવા માટે એક મહત્વપૂર્ણ ઘટક છે. ભારત અને અમેરિકાએ મંત્રી સ્તરીય 2+2 દ્વિપક્ષીય સંવાદ દ્વારા તેમજ G20, I2U2 અને ક્વાડ સહિત બહુપક્ષીય માળખા હેઠળ મજબૂત સહયોગ જાળવી રાખ્યો છે. આ આદાનપ્રદાનના બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

સપ્ટેમ્બરમાં વિલ્મિંગ્ટનમાં ક્વાડ લીડર્સ સમિટ દરમિયાન US રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય બેઠક દરમિયાન, ભારત અને અમેરિકાએ ચાર મુખ્ય દસ્તાવેજોની આપ-લે કરી હતી. આમાં તેમની ભાગીદારી અંગેની જોઇન્ટ ફેક્ટ શીટ, સલામત અને સુરક્ષિત એવી વૈશ્વિક સ્તરે સ્વચ્છ ઉર્જા પુરવઠા શૃંખલા બનાવવા માટે US-ભારત પહેલ માટેની યોજના અને પિલર્સ III અને IV માટે હિન્દ-પ્રશાંત ઇકોનોમિક ફ્રેમવર્ક (IPEF) ના બહાલીના ઇન્સ્ટ્રૂમેન્ટ્સનો સમાવેશ થાય છે.


US ના તત્કાલીન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) જેક સુલિવાને જૂન મહિનામાં નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી હતી અને પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રીએ પણ NSA સુલિવાન સાથે વાતચીત કરી હતી. NSA સુલિવાન સાથે વરિષ્ઠ US અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ આવેલ હતું જેમાં US ના તત્કાલીન ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ કર્ટ કૅમ્પબેલ, નેશનલ સાયન્સ ફાઉન્ડેશન (NSF) ના ડિરેક્ટર, US નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ, ઉર્જા મંત્રાલય, નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (NASA), NSF, અને US એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) ના વરિષ્ઠ પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. બંને NSA ની અધ્યક્ષતામાં ઈનીશીએટિવ ઓન ક્રિટિકલ એન્ડ ઇમર્જિંગ ટેકનોલોજી (iCET) અંગે પ્રથમ ભારત-US પહેલની વાર્ષિક સમીક્ષા યોજાઈ. બંને પક્ષો દ્વારા પરસ્પર સહયોગ માટે આગળ વધવાની અને વણઉકેલાયેલી સમસ્યાઓનું સમાધાન કરવા અંગે ચર્ચા કરી. અંતરિક્ષમાં આંતર-કાર્યક્ષમતાને વધુ ગાઢ બનાવવા માટે માનવ અવકાશ ઉડ્ડયન સહયોગ માટે એક વ્યૂહાત્મક માળખું પણ તૈયાર કરવામાં આવ્યું. આ બેઠક પછી સંયુક્ત ફેક્ટશીટ જારી કરવામાં આવી હતી. ભારત અને અમેરિકા દ્વારા સપ્ટેમ્બરમાં દ્વિપક્ષીય 2+2 આંતર-સત્રીય બેઠક પણ યોજવામાં આવી હતી.

હાઉસ ફોરેન અફેર્સ કમિટીના અધ્યક્ષ પ્રતિનિધિ માઈકલ મેકકોલના નેતૃત્વમાં દ્વિપક્ષીય US કોંગ્રેસના પ્રતિનિધિમંડળે જૂનમાં અલગથી ભારતની મુલાકાત લીધી હતી અને પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી હતી. પ્રતિનિધિમંડળે વિદેશ સચિવ અને નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સાથે પણ અલગથી બેઠકો કરી હતી. પ્રતિનિધિમંડળે ધર્મશાલાની મુલાકાત લઇને ચૌદમા દલાઈ લામાની મુલાકાત લીધી હતી.

ભારતે ઘણા મુખ્ય બહુપક્ષીય અને બહુ-દેશીય સંમેલનોમાં પણ ભાગ લીધો. UNGA ના 79મા સત્રમાં, વિદેશ મંત્રીએ પ્રવર્તમાન વૈશ્વિક મુદ્દાઓ પર ભારતનું વલણ રજૂ કર્યું અને G4, G20, IBSA, બ્રિક્સ, BIMSTEC, ભારત-કેરેબિયન સમુદાય (CARICOM), અને ભારત-લેટિન અમેરિકન અને કેરેબિયન રાજ્યોનો સમુદાય (CELAC) વગેરે અનેક વિદેશી મંત્રીમંડળોની બેઠકોમાં ભાગ લીધો. વિદેશ મંત્રીએ "કૉલ ટુ એક્શન" ગ્લોબલ ગવર્નન્સ રિફૉર્મને સમર્થન આપ્યું અને બાયોડાયવર્સિટી બિયોન્ડ નેશનલ જ્યુરિસ્ડિક્શન (BBNJ) કરાર પર હસ્તાક્ષર કર્યા. વધુમાં, ડ્રગ્સને કારણે રહેલું જોખમ, વિકાસના દાખલાઓ અને એશિયા સોસાયટી અને ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન (ORF) જેવા વિચાર-વિમર્શ કરનાર જૂથો દ્વારા આયોજિત વિદેશ નીતિ આઉટરીચ સેમિનાર સહિત વૈશ્વિક સ્તરે ભારતની ભૂમિકા, વગેરે વિષયો પર ચર્ચામાં વિદેશ મંત્રી જોડાયા.

ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે પણ વર્ષ દરમિયાન સહયોગ વધુ મજબૂત બન્યો. સપ્ટેમ્બરમાં પ્રધાનમંત્રીની વિલ્મિંગ્ટનની મુલાકાત દરમિયાન, લોકહીડ માર્ટિન અને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ વચ્ચે C-130J સુપર હર્ક્યુલસ વિમાનના થયેલ ટીમિંગ કરારની પ્રધાનમંત્રી અને તત્કાલીન US પ્રમુખ જોસેફ આર. બાઇડન દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. સપ્ટેમ્બરમાં સિલિકોન વેલી સમિટમાં હસ્તાક્ષર કરાયેલા MoU બાદ સંરક્ષણ મંત્રાલયના ઇનોવેશન્સ ફોર ડિફેન્સ એક્સેલન્સ (iDEX) અને US (ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ) DoD ના ડિફેન્સ ઇનોવેશન યુનિટ (DIU) વચ્ચે વધુ સારા સહયોગનું પણ બંને નેતાઓએ સ્વાગત કર્યું હતું.

જાન્યુઆરીમાં, ભારતીય નૌસેનાએ ગુઆમમાં US નેવી દ્વારા આયોજિત એન્ટી-સબમરીન વૉરફેર ટ્રેનિંગ - "એક્સરસાઇઝ સી ડ્રેગન 24" ના ચોથા સંસ્કરણમાં ભાગ લીધો હતો. વર્ષ દરમિયાન, ભારત અને અમેરિકાએ અનેક અગત્યની દ્વિપક્ષીય સંરક્ષણ કવાયતોમાં ભાગ લીધો જેમાં: ભારત-અમેરિકાની ત્રણેય પાંખોની દ્વિપક્ષીય HADR એમ્ફિબિયસ એક્સરસાઈઝ અને એક્સરસાઈઝ ટાઇગર ટ્રાયમ્ફ 24 (વિશાખાપટ્ટનમ, માર્ચ), જેમાં US નેવી, મરીન કોર્પ્સ અને આર્મી તથા ભારતીય નૌકાદળ, સેના અને વાયુસેના દ્વારા સાથે એક્સરસાઈઝ કરવામાં આવી હતી. એપ્રિલમાં હવાઈમાં US આર્મી પેસિફિક હેડક્વાર્ટરમાં ભારત-US આર્મી એક્ઝિક્યુટિવ સ્ટિયરિંગ ગ્રુપ (ESG) ના 7માં સંસ્કરણ માટે અલગથી બંને દેશોના વરિષ્ઠ લશ્કરી અધિકારીઓને બોલાવવામાં આવ્યા હતા. નવા ઉદ્ભવી રહેલા જોખમો, કૉન્ફ્લિક્ટ રિઝોલ્યુશન માટેની વ્યૂહરચનાઓ અને આધુનિક સંરક્ષણ સામે રહેલા પડકારોનો સામનો એ તેમની ચર્ચાના મુખ્ય મુદ્દાઓ હતા.



વિદેશ મંત્રીએ સપ્ટેમ્બર 2024 માં ન્યુ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 79મા સત્રમાં ભારતનું નિવેદન આપ્યું હતું

ભારત-કેનેડા સંબંધો પરંપરાગત રીતે લોકોથી લોકોના પરસ્પર સંબંધો અને મજબૂત આર્થિક જોડાણો પર આધારિત છે. પ્રધાનમંત્રીએ 14 જૂનના રોજ અપુલિયા, ઇટાલી ખાતે યોજાયેલી G7 સમિટ દરમિયાન કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડો સાથે સંક્ષિપ્તમાં મુલાકાત કરી હતી. આપણા દ્વિપક્ષીય સંબંધો માટે પરસ્પરની સમજણ, એકબીજાની ચિંતાઓ પ્રત્યે આદર અને એકબીજાની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વ પ્રત્યે અતૂટ આદર હોવો જરૂરી છે. આ સંદર્ભમાં, ભારત દ્વારા કેનેડા સરકારને વારંવાર તેની ભૂમિ પરથી કાર્યરત તમામ ભારત વિરોધી તત્વો સામે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવા માટે વિનંતી કરવામાં આવેલ છે.

વર્ષ દરમિયાન ભારત-રશિયા સંબંધોમાં પ્રગતિ થતી રહી છે. પ્રધાનમંત્રીએ જુલાઈમાં 22મી વાર્ષિક સમિટ અને 16મી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે કઝાનની મુલાકાત લીધી હતી. વર્ષ 2023-24માં ભારત અને રશિયા વચ્ચે અત્યાર સુધીમાં નોંધાયેલો સૌથી વધુ 65.7 અબજ ડોલરનો દ્વિપક્ષીય વેપાર નોંધાયો હતો, જેને પરિણામે વેપાર ક્ષેત્રે રશિયા ભારતનો ચોથો સૌથી મોટો ભાગીદાર બન્યો. ઇન્ડિયા-રશિયા ઇન્ટર-ગવર્નમેન્ટલ કમિશન ઓન ટ્રેડ ઈકોનોમિક-સાયન્ટિફિક-ટેક્નોલોજીકલ એન્ડ કલ્ચરલ કોઓપરેશન (IRIGC-TEC) નું 25મું સત્ર નવેમ્બરમાં, ભારતના વિદેશ મંત્રી અને રશિયન ફેડરેશનના પ્રથમ નાયબ પ્રધાનમંત્રી ડેનિસ મન્ટુરોવની સહ-અધ્યક્ષતામાં નવી દિલ્હી ખાતે યોજાયું હતું. ડિસેમ્બરમાં, રક્ષા મંત્રીએ અલગથી લશ્કરી અને લશ્કરી-તકનીકી સહકાર પર ઇન્ડિયા-રશિયા ઇન્ટરગવર્નમેન્ટલ કમીશન (IRICG-M&MTC) ના 21મા સત્રની સહ-અધ્યક્ષતા માટે રશિયાની મુલાકાત લીધી હતી. વિદેશ મંત્રી અને તેમના રશિયન સમકક્ષ સર્ગેઈ લાવરોવ વચ્ચે વર્ષ દરમિયાન જુલાઈમાં અસ્તાનામાં SCO સમિટ દરમિયાન, જુલાઈમાં વિયેન્ટિયાનમાં આસિયાન માળખા હેઠળ વિદેશ મંત્રીઓની બેઠક, સપ્ટેમ્બરમાં રિયાધમાં ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલની બેઠક અને સપ્ટેમ્બરમાં 79મા UNGA સત્ર સમયે ન્યૂ યોર્કમાં બેઠક, વગેરે અનેક દ્વિપક્ષીય બેઠકો યોજાઈ હતી. અલગથી, બ્રિક્સ દેશોના NSA વચ્ચે યોજાયેલી બેઠકમાં ભાગ લેવા માટે NSA દ્વારા સપ્ટેમ્બરમાં સેન્ટ પીટર્સબર્ગની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન, NSA એ રાષ્ટ્રપતિ પુતિનની મુલાકાત લીધી હતી અને તેમના રશિયન સમકક્ષ સર્ગેઇ શોઇગુ સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી.

યુરોપિયન દેશો અને યુરોપિયન યુનિયન (EU) સાથે ભારતના સંબંધોમાં ઘણા ઉચ્ચ-સ્તરની મુલાકાતો થકી નવી ગતિ જોવા મળી હતી. ભારત અને EU ની વ્યૂહાત્મક ભાગીદારીને વર્ષ 2024 માં 20 વર્ષ પૂર્ણ થયા હતા. આ વર્ષ દરમિયાન વેપાર અને રોકાણ, નવી વિકસી રહેલી ટેકનોલોજી, ઇનોવેશન, ગ્રીન ટ્રાન્ઝિશન, સુરક્ષા, તેમજ સ્થળાંતર અને મોબીલીટી ક્ષેત્રોમાં ઉચ્ચ-સ્તરીય ચર્ચાઓ જોવા મળી અને સહકાર વધુ ગાઢ બન્યો.

ઓક્ટોબરમાં વિયેન્ટિયનમાં પૂર્વ એશિયા સમિટ દરમિયાન યુરોપિયન કાઉન્સિલના તત્કાલીન પ્રમુખ ચાર્લ્સ મિશેલે પ્રધાન મંત્રી સાથે મુલાકાત કરી હતી. નવેમ્બરમાં રિયો ડી જાનેરોમાં G20 સમિટ દરમિયાન યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન પ્રધાનમંત્રીને મળ્યા હતા.

ફ્રેન્ચ રિપબ્લિકના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રો ભારતના 75મા પ્રજાસત્તાક દિને મુખ્ય મહેમાન તરીકે ભારતના રાજકીય મહેમાન બન્યા હતા. બંને દેશોના પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત દરમિયાન, વર્ષ 2026 ને 'ઇન્ડિયા-ફ્રાન્સ ઇનોવેશન વર્ષ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. બંને પક્ષોએ સંરક્ષણ, અવકાશ, નાગરિક ઉડ્ડયન, S&T, આરોગ્ય, જાહેર વહીવટ અને શહેરી વિકાસ સહિતના મુખ્ય ક્ષેત્રોમાં કેટલાક MoU/કરાર પર પણ હસ્તાક્ષર કર્યા.



માનનીય રાષ્ટ્રપતિજી, પ્રધાનમંત્રી અને ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન નવી દિલ્હી, જાન્યુઆરી 2024 માં 75મા ગણતંત્ર દિવસની ઉજવણી દરમિયાન

ઇટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીના આમંત્રણ પર આઉટરીચ પાર્ટનર તરીકે G7 સમિટમાં ભાગ લેવા માટે પ્રધાનમંત્રીએ જૂનમાં ઇટાલીની મુલાકાત લીધી હતી. G7 સમિટ દરમિયાન, પ્રધાનમંત્રીએ ઇટાલીના પ્રધાનમંત્રી, જર્મની ફેડરલ રિપબ્લિકના ચાન્સેલર, ફ્રાન્સના પ્રમુખ અને યુનાઇટેડ કિંગડમના પ્રધાનમંત્રી સાથે અલગ બેઠકો કરી હતી.

પ્રધાનમંત્રીએ જુલાઈમાં ઑસ્ટ્રિયાની મુલાકાત લીધી હતી, જે 41 વર્ષમાં ભારતીય પ્રધાનમંત્રી દ્વારા લેવામાં આવેલી પ્રથમ મુલાકાત હતી, અને તે સાથે રાજદ્વારી સંબંધોની સ્થાપનાને 75 વર્ષ પૂર્ણ થયા હતા. ભારત-ઑસ્ટ્રિયાની મુલાકાત દરમિયાન વધુ ઉત્તમ ભાગીદારી અંગે સંયુક્ત

નિવેદન જારી કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર વાન ડેર બેલન સાથે પણ મુલાકાત યોજી હતી તથા ચાન્સેલર કાર્લ નેહામર સાથે દ્વિપક્ષીય સંવાદ યોજવામાં આવ્યો હતો.

પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કના આમંત્રણ પર, પ્રધાનમંત્રીએ ઓગસ્ટમાં પોલેન્ડની મુલાકાત લીધી, જેની સાથે બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાને 70 વર્ષ પણ પૂર્ણ થયા. મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્ક સાથે ચર્ચા તથા રાષ્ટ્રપતિ આન્દ્રેઝ ડુડા સાથે મુલાકાત કરી હતી. ભારત-પોલેન્ડ દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરની જાહેર કરવામાં આવી, જે આ મુલાકાતનું સૌથી અગત્યનું પરિણામ હતું.

સ્પેનના રાષ્ટ્રપતિ પેડ્રો સાંચેઝે ઓક્ટોબરમાં ભારતની મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ સાંચેઝે વડોદરામાં C295 એરક્રાફ્ટના ફાઇનલ એસેમ્બલી લાઇન પ્લાન્ટનું સંયુક્ત રીતે ઉદ્ઘાટન કર્યું હતું, જે ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ દ્વારા એરબસ સ્પેનના સહયોગથી બનાવવામાં આવ્યું છે.

સપ્ટેમ્બરમાં ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રની 79મી મહાસભા દરમિયાન, વિદેશ મંત્રીએ બેલ્જિયમના પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી હતી, તેમજ બેલ્જિયમ, ફ્રાન્સ, નેધરલેન્ડ, UK અને સ્પેનના વિદેશ મંત્રીઓ સાથે અલગ-અલગ બેઠકો યોજી હતી.

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, ભારત અને યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA), જેમાં સ્વિટ્ઝર્લૅન્ડ, આઇસલેન્ડ, નોર્વે અને લિક્ટનસ્ટાઇનનો સમાવેશ થાય છે, તેમની વચ્ચે માર્ચમાં ટ્રેડ એન્ડ ઈકોનોમિક પાર્ટનરશીપ એગ્રીમેન્ટ (TEPA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ કરાર પર વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી (CIM), સ્વિસ ફેડરલ કાઉન્સિલર ગી પરમેલાં, આઇસલેન્ડના વિદેશ મંત્રી બ્યાર્ની બેનેડિક્ટસન, લિક્ટનસ્ટાઇનના વિદેશ મંત્રી ડોમિનિક હાસ્લર અને નોર્વેના વેપાર અને ઉદ્યોગ મંત્રી યાન ક્રિશ્ચિયન વેસ્ટ્રે દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા. TEPA દ્વારા 2039 સુધીમાં આગામી 15 વર્ષોમાં ભારતમાં 100 અબજ ડોલરનું રોકાણ અને 1 લાખ સીધી નોકરીઓનું સર્જન કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.



પ્રધાનમંત્રીએ વૉર્સો ખાતે ઓગસ્ટ 2024 માં કોલ્હાપુર મેમોરિયલ ખાતે શ્રદ્ધાંજલિ આપી.



વિદેશ મંત્રીએ ફેબ્રુઆરી 2024માં નવી દિલ્હીમાં રાયસીના સંવાદ દરમિયાન નોર્ડિક-બાલ્ટિક એઇટ (NB8) દેશોના વિદેશ મંત્રીઓને નિમંત્રિત કર્યા હતા.

સપ્ટેમ્બરમાં વિદેશ મંત્રીએ જર્મનીની મુલાકાત લીધી અને ચાન્સેલર ઓલાફ સ્કૉલ્ઝ સાથે મુલાકાત કરી. તેમણે વિદેશ પ્રધાન અન્નાલેના બેરબોક, સંરક્ષણ પ્રધાન બોરિસ પિસ્ટોરિયસ, ચાન્સેલરના વિદેશ અને સુરક્ષા નીતિ સલાહકાર જેન્સ પ્લેટનર, તેમજ સંસદ સભ્યો (બન્ડસ્ટાગ) સાથે અલગથી મુલાકાત કરી અને દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓ પર વ્યાપક ચર્ચા કરી. તે જ મહિનામાં, વિદેશ મંત્રીએ સ્વિટ્ઝર્લૅન્ડની મુલાકાત લીધી અને વિદેશ મંત્રી ઇગ્નાઝિયો કેસિસ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી અને ભારત-EFTA મુક્ત વેપાર કરાર દ્વારા કેવી રીતે વેપાર અને રોકાણમાં વૃદ્ધિ કરી શકાય તે અંગે ચર્ચા કરી.

નવેમ્બરમાં, વિદેશ મંત્રીએ G7 વિદેશ મંત્રીઓની મીટિંગમાં ભાગ લેવા માટે ઇટાલીની મુલાકાત લીધી હતી. તે દરમિયાન વિદેશ મંત્રીએ અલગથી ઇટાલી તેમજ ફ્રાન્સ અને UK ના વિદેશ મંત્રીઓ સાથે મુલાકાત કરી હતી.

ફેબ્રુઆરીમાં નવી દિલ્હીમાં રાયસીના સંવાદના 9મા સંસ્કરણમાં અલ્બેનિયા, બોસ્નિયા અને હર્ઝેગોવિના, ચેક રિપબ્લિક, ડેનમાર્ક, એસ્ટોનિયા, ફિનલેન્ડ, ગ્રીસ, હંગેરી, લાતવિયા, લિક્ટનસ્ટાઇન, લિથુઆનિયા, રોમાનિયા, સ્લોવાક રિપબ્લિક અને સ્વીડનના વિદેશ મંત્રીઓએ ભાગ લીધો હતો. રાયસીના સંવાદ દરમિયાન, વિદેશ મંત્રી દ્વારા નોર્ડિક-બાલ્ટિક આઠ (NB8) દેશોના વિદેશ પ્રધાનોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સ્વચ્છ અને ગ્રીન ટેકનોલોજીમાં વધુ પ્રગતિ કરવા, ડિજિટલ અને સાયબર સહયોગને મજબૂત બનાવવા, ઉચ્ચ-ગુણવત્તાવાળા કૌશલ્ય વિકાસ અને વિપરીત પરિસ્થિતિઓમાં પણ ટકી રહે તેવી વૈશ્વિક સપ્લાય ચેઇનમાં વૃદ્ધિ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

ગત વર્ષ ભારત-જાપાનની ખાસ વ્યૂહાત્મક અને ગ્લોબલ ભાગીદારી 10મું વર્ષ હતું. ભારત અને જાપાને વર્ષ દરમિયાન ઉચ્ચ-સ્તરીય મુલાકાતો, ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને વેપાર સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ માટે પહેલ દ્વારા તેમજ સંયુક્ત રાષ્ટ્ર, G20 અને ક્વાડમાં સહયોગ દ્વારા તેમના સંબંધોને વધુ ગાઢ બનાવ્યા. વર્ષ દરમિયાન પ્રધાનમંત્રીની જાપાનના

તત્કાલીન પ્રધાનમંત્રી કુમિયો કિશિદા સાથે બે વાર મુલાકાત થઈ: જૂન મહિનામાં ઇટાલીમાં G7 સમિટ દરમિયાન તથા પુનઃ સપ્ટેમ્બરમાં વિલ્મિંગ્ટનમાં ક્વાડ સમિટ દરમિયાન. આ મુલાકાતો થકી બંને નેતાઓ દ્વારા બહુપક્ષીય સંબંધોની સમીક્ષા તથા સહયોગને વધુ ગાઢ બનાવવા માટે વિચારોની આપ-લે કરવામાં આવી. ઓક્ટોબરમાં, લાઓસમાં પ્રધાનમંત્રીની ભારત-આસિયાન સમિટ દરમિયાન નવનિયુક્ત પ્રધાનમંત્રી શિગેરુ ઇશિબા સાથે મુલાકાત થઈ, જેમાં બંને નેતાઓએ વેપાર, રોકાણ, સંરક્ષણ, સેમિકન્ડક્ટર અને સાંસ્કૃતિક આદાનપ્રદાન ક્ષેત્રે સહયોગને વધુ ગાઢ બનાવવા અંગે ફરીથી પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી.

ઓગસ્ટમાં, જાપાનના વિદેશ અને સંરક્ષણ પ્રધાનોએ ત્રીજી 2+2 મંત્રી સ્તરીય બેઠક માટે ભારતની મુલાકાત લીધી હતી, જેની સહ-અધ્યક્ષતા રક્ષા મંત્રી અને વિદેશ મંત્રી દ્વારા કરવામાં આવી હતી. નવેમ્બરમાં વિદેશ મંત્રી ઇટાલીમાં G7 દેશોના વિદેશ મંત્રીઓના આઉટરીચ સત્ર દરમિયાન જાપાનના વિદેશ મંત્રી તાકેશી ઇવાયાને પણ મળ્યા હતા.

જૂન 2020 થી ભારત અને ચીન વચ્ચે વર્કિંગ મિકેનિઝમ ફોર કન્સલ્ટેશન એન્ડ કોઓર્ડિનેશન (WMCC) ની 18 બેઠકો અને વરિષ્ઠ લશ્કરી કમાન્ડર સ્તરે 21 રાઉન્ડ બેઠકો યોજાઈ છે. ઓક્ટોબરમાં, રાજદ્વારી તેમજ લશ્કરી સ્તરની વાટાઘાટો અને ચર્ચાઓ પછી, વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) સાથેના ચોક્કસ વિસ્તારોમાં પેટ્રોલિંગ અંગે એક કરાર કરવામાં આવ્યો હતો, જેને પરિણામે સૈનિકોને ખસેડી લેવામાં આવ્યા તથા આ વિસ્તારોમાં 2020 માં ઉદ્ભવેલી પરિસ્થિતિઓનું નિરાકરણ આવ્યું હતું. ત્યારબાદ, પ્રધાન મંત્રી ઓક્ટોબરમાં રશિયાના કઝાનમાં 16મી બ્રિક્સ સમિટ દરમિયાન રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા હતા. વિતેલા લગભગ પાંચ વર્ષમાં પ્રતિનિધિમંડળ સ્તરની આ તેમની પ્રથમ દ્વિપક્ષીય બેઠક હતી. વર્ષ દરમિયાન, વિદેશ મંત્રીની મુલાકાત વિદેશ મંત્રી વાંગ યી સાથે ત્રણ વખત થઈ - જુલાઈમાં અસ્તાનામાં SCO કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ સ્ટેટ મીટિંગ દરમિયાન, જુલાઈમાં વિયેન્ટિયાનમાં આસિયાન-સંબંધિત વિદેશ મંત્રીઓની મીટિંગ દરમિયાન અને નવેમ્બરમાં રિયો ડી જાનેરોમાં G20 સમિટ દરમિયાન. બે દેશોના વિશેષ પ્રતિનિધિઓ વચ્ચે પણ ડિસેમ્બરમાં બેઇજિંગમાં મુલાકાત યોજાઈ હતી.

અનેક ઉચ્ચ-સ્તરીય આદાન-પ્રદાન અને દ્વિપક્ષીય સંવાદોને કારણે ભારત અને દક્ષિણ કોરિયા (RoK) વચ્ચેની ખાસ વ્યૂહાત્મક ભાગીદારી વધુ ગાઢ બની. પ્રધાનમંત્રી તથા દક્ષિણ કોરિયાના તત્કાલીન રાષ્ટ્રપતિ યુન સુક યેઓલ વચ્ચે ઓક્ટોબરમાં વિયેન્ટિયાનમાં પૂર્વ એશિયા સમિટ દરમિયાન અને નવેમ્બરમાં રિયો ડી જાનેરોમાં G-20 સમિટ દરમિયાન મુલાકાત યોજાઈ હતી. તદુપરાંત, માર્ચમાં વિદેશ મંત્રીએ અલગથી સિઓલની મુલાકાત લીધી હતી અને વિદેશ મંત્રી ચો તાઈ-યુલ સાથે 10મી ભારત-કોરિયા સંયુક્ત કમિશન બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી. બંને મંત્રીઓ વચ્ચે જુલાઈમાં આસિયાન રીજનલ ફોરમ સમયે, તથા ફરીથી સપ્ટેમ્બરમાં ન્યુ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 79મા સત્ર સમયે અને ડિસેમ્બરમાં ઇટાલીમાં G7 સમિટમાં પણ મુલાકાત યોજાઈ હતી.

ભારત અને ડેમોક્રેટિક પીપલ્સ રિપબ્લિક ઓફ કોરિયા (DPRK) વચ્ચેના સંબંધો નિયમિત અને સંતુલિત રહ્યા. ભારત કોરિયન દ્વીપકલ્પ પર વાતચીત અને રાજદ્વારી માધ્યમો દ્વારા શાંતિ અને સ્થિરતા લાવવાના પ્રયાસોને સતત સમર્થન આપતું રહ્યું છે.

ભારત અને મોંગોલિયા સભ્યતા, ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કક્ષાના સંબંધો ધરાવે છે. ચારે બાજુએથી ચીન અને રશિયાની સીમાથી ઘેરાયેલો દેશ હોવાથી, મોંગોલિયા ભારતને એક મહત્વપૂર્ણ 'તૃતીય' અને 'આધ્યાત્મિક પડોશી' તરીકે માને છે. આ સંબંધમાં વિકાસલક્ષી ભાગીદારીનું ખાસ મહત્વ છે.



ઓક્ટોબર 2024માં લાઓસમાં યોજાયેલી ભારત-આસિયાન સમિટ દરમિયાન પ્રધાનમંત્રીએ જાપાનના પ્રધાનમંત્રી શિગેરુ ઇશિબા સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.




ઓક્ટોબર 2024માં કઝાનમાં 16મી બ્રિક્સ સમિટ દરમિયાન પ્રધાનમંત્રીએ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરી હતી

વર્ષ દરમિયાન ખાડીના દેશો સાથે પરસ્પર ઉચ્ચ સ્તરીય મુલાકાતો, વેપાર અને રોકાણમાં વૃદ્ધિ તથા ઊર્જા, સુરક્ષા, સંરક્ષણ, પરમાણુ, સંસ્કૃતિ, શિક્ષણ, ટેકનોલોજી, આરોગ્ય અને ખાદ્ય સુરક્ષા સહિત વિવિધ ક્ષેત્રોમાં સંબંધો વિસ્તૃત થવાને કારણે ભારતના સંબંધો મજબૂત અને ગાઢ બન્યા. ભારતના વેપારી સંબંધોમાં ખાડીના દેશોનો ટોચના ભાગીદારોમાં સમાવેશ થાય છે.
2023-24માં 162 અબજ ડોલરથી વધુના દ્વિપક્ષીય વેપાર સાથે, ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) વેપાર ક્ષેત્રે ભારતનું અગ્રણી પ્રાદેશિક ભાગીદાર રહ્યું. ભારતમાં રોકાણનો પ્રવાહ પણ ચાલતો રહ્યો તથા પ્રદેશમાંથી ભારતની ઉર્જાની આયાત પણ નોંધપાત્ર રહી. જાન્યુઆરીમાં UAE ના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને અમદાવાદમાં યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં મુખ્ય અતિથિ તરીકે ભારતની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન આરોગ્ય ક્ષેત્રે નવા પ્રોજેક્ટ્સ, રિન્યૂએબલ એનર્જી અને ફૂડ પાર્કના વિકાસમાં રોકાણ સહયોગ અંગેના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.




(ડાબેથી જમણે) પ્રધાનમંત્રીએ કુવૈત (ડિસેમ્બર) માં UAE (ફેબ્રુઆરી) માં 'અહલાન મોદી' અને 'હલા મોદી' ખાતે ભારતીય સમુદાયને સંબોધિત કર્યો).

પ્રધાનમંત્રીએ ફેબ્રુઆરી 2024 માં સંયુક્ત આરબ અમીરાત (UAE) ની દ્વિપક્ષીય મુલાકાત લીધી હતી અને UAE ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન અને દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મક્તૂમ સાથે ચર્ચા કરી હતી. મુલાકાત દરમિયાન મહત્વપૂર્ણ MoU/સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં દ્વિપક્ષીય રોકાણ કરાર, ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર (IMEEC) પર ઇન્ટરગવર્ન્મેન્ટલ ફ્રેમવર્ક એજન્સી (IGFA), ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર MoU અને નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) સહિત અન્ય બાબતોનો સમાવેશ થાય છે. ફેબ્રુઆરીમાં પ્રધાનમંત્રીએ અબુ ધાબીમાં બનેલ પ્રથમ હિન્દુ મંદિર, BAPS મંદિરનું ઉદ્ઘાટન કર્યું.

નવેમ્બરમાં, વિદેશ મંત્રીએ સિમ્બાયોસિસ ઇન્ટરનેશનલ યુનિવર્સિટીના દુબઈ કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું હતું. UAE ના નાયબ પ્રધાન મંત્રી અને વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાન ડિસેમ્બરમાં ચોથા વ્યૂહાત્મક સંવાદ અને 15મી સંયુક્ત કમિશન બેઠક માટે ભારતની મુલાકાતે આવ્યા હતા.

પ્રથમ વાર યોજાઈ રહેલી ભારત-GCC સંયુક્ત મંત્રાલયની વ્યૂહાત્મક સંવાદ માટેની બેઠકમાં ભાગ લેવા માટે વિદેશ મંત્રીએ સપ્ટેમ્બરમાં રિયાધની મુલાકાત લીધી હતી. ભારત અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) ના સભ્ય દેશો વચ્ચે વિદેશ મંત્રી સ્તરની આ પ્રથમ બેઠક હતી. જૂનમાં, વિદેશ મંત્રીએ કતારના વડા પ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન બિન જાસિમ અલ થાની, કે જેઓ વિદેશ મંત્રી તરીકે પણ સેવા આપે છે, તેમની સાથે દ્વિપક્ષીય બેઠક કરવા માટે દોહાની મુલાકાત લીધી હતી. ડિસેમ્બરમાં, વિદેશ મંત્રીએ દોહા ફોરમના 22મા સંસ્કરણમાં ભાગ લીધો હતો અને 'નવા યુગમાં સંઘર્ષનું નિવારણ' વિષય પર એક પેનલને સંબોધિત કરી હતી.

વિદેશ મંત્રીએ ઓગસ્ટમાં કુવૈતની મુલાકાત લીધી હતી અને ક્રાઉન પ્રિન્સ શેખ સબાહ અલ-ખાલેદ અલ સબાહ, પ્રધાન મંત્રી શેખ અહેમદ અલ અબ્દુલ્લા અલ સબાહ અને વિદેશ મંત્રી અબ્દુલ્લા અલી અલ યાયહા સાથે મુલાકાત કરી હતી. કુવૈતના વિદેશ મંત્રીએ પણ ડિસેમ્બરમાં ભારતની મુલાકાત લીધી અને વિદેશ મંત્રી સાથે દ્વિપક્ષીય વાતચીત તથા પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી હતી.

2024 માં વિવિધ રાજદ્વારી, સંરક્ષણ અને માનવતાવાદી કાર્યો દ્વારા ભારતે પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રિકન દેશો સાથેના દ્વિપક્ષીય સંબંધોને નોંધપાત્ર રીતે મજબૂત બનાવ્યા. આમાં માનનીય રાષ્ટ્રપતિજીની અલ્જીરિયાની ઐતિહાસિક મુલાકાત નોંધપાત્ર છે, જે ભારતના કોઈ પણ રાષ્ટ્રીય વડા દ્વારા લેવામાં આવેલી પ્રથમ મુલાકાત છે, જ્યાં તેમણે ભારત-અલ્જીરિયા આર્થિક ફોરમનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉચ્ચ સ્તરની મુલાકાતો અને લશ્કરી સહકાર સમજૂતી દ્વારા અલ્જીરિયા સાથે સંરક્ષણ સહકારને વધુ મજબૂત કરવામાં આવ્યો હતો. ભારતે ઇજિપ્ત, ઇઝરાઇલ અને મોરોક્કો સાથે પણ તેના સંબંધોને વધારે ગાઢ બનાવ્યા, જેમાં સંરક્ષણ ક્ષેત્રે સહકારથી લઈને આર્થિક આદાન-પ્રદાન અને વ્યૂહાત્મક ચર્ચા વગેરે બાબતોનો સમાવેશ થાય છે. ભારત દ્વારા જુલાઈમાં ત્રિપોલી ખાતેનું તેનું દૂતાવાસ ફરીથી શરૂ કરવામાં આવ્યું.

એક માનવીય અભિગમના ભાગ રૂપે ભારત દ્વારા પેલેસ્ટાઇનને નોંધપાત્ર તબીબી સહાય પૂરી પાડવામાં આવી. ભારતે નિકટપૂર્વના દેશોમાં પેલેસ્ટાઇન શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્ર રાહત અને કાર્ય એજન્સી (UNRWA) માં વર્ષ 2024-25 માટે 5 મિલિયન ડોલરનું વાર્ષિક યોગદાન આપ્યું હતું. કેટલાંક વર્ષોથી, ભારતે UNRWA ના મુખ્ય કાર્યક્રમોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને રાહત સેવાઓ સહિત કુલ 40 મિલિયન ડોલરનું યોગદાન આપ્યું છે. આ ઉપરાંત, સુદાન, સીરિયા અને દક્ષિણ સુદાનમાં પણ તબીબી અને શૈક્ષણિક સહાય પહોંચાડતું રહ્યું. સમગ્ર વર્ષ દરમિયાન લિબિયા, ટ્યુનિશિયા અને જિબુતી સાથેની રાજદ્વારી મુલાકાતો અને સહકાર વધારવામાં આવ્યો હતો, જેમાં ભારતે પ્રદેશમાં માનવતાવાદી પ્રયત્નોમાં સક્રિય ભૂમિકા ભજવી હતી.

વધુમાં, ભારત દ્વારા જોર્ડન અને સોમાલિયા સાથે સંરક્ષણ અને વ્યવસાયના ક્ષેત્રમાં સહયોગ અંગે કાર્ય કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન સતત શૈક્ષણિક અને સાંસ્કૃતિક આદાનપ્રદાન જોવા મળ્યા હતા, જે સમગ્ર ક્ષેત્રમાં ગાઢ સંબંધોને પ્રોત્સાહન આપવાની ભારતની પ્રતિબદ્ધતા પર વધુ ભાર દર્શાવે છે.

વર્ષ દરમિયાન ભારત અને ઈરાન વચ્ચે દ્વિપક્ષીય સહકારની સકારાત્મક પ્રગતિ જળવાઈ રહી હતી. ઓક્ટોબરમાં, રશિયાના કઝાનમાં યોજાયેલી 16 મી બ્રિક્સ સમિટ દરમિયાન પ્રધાનમંત્રીએ ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓની સમીક્ષા અને પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ સહિત પ્રાદેશિક વિકાસની ચર્ચા કરી હતી. વિદેશ મંત્રીએ જાન્યુઆરીમાં ઇરાનની મુલાકાત લીધી હતી અને તત્કાલીન રાષ્ટ્રપતિ સૈયદ ઇબ્રાહિમ રાયસીને મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેઓએ તત્કાલીન વિદેશ મંત્રી હોસેન અમીર-અબ્દુલ્લાહિયાન, માર્ગ અને શહેરી વિકાસ મંત્રી મહેરદાદ બઝરપાશ અને સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના સચિવ અલી અકબર અહમદિયાન સાથે પણ મુલાકાત કરી હતી. તે જ મહિનામાં, કંપાલામાં NAM સમિટ દરમિયાન વિદેશ મંત્રી તત્કાલીન પ્રથમ ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ મોખબરને મળ્યા હતા. ઓક્ટોબરમાં કઝાનમાં બ્રિક્સ આઉટરીચ સત્ર દરમિયાન વિદેશ મંત્રીએ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સાથે મુલાકાત કરી હતી. વર્ષ દરમિયાન વિવિધ કનેક્ટિવિટી પ્રોજેક્ટમાં સહકારને વધુ મજબૂત કરવામાં આવ્યો હતો. ચાબહાર બંદરના શાહિદ બેહેશ્તી ટર્મિનલને સજ્જ અને સંચાલિત કરવા માટે લાંબા ગાળાના મુખ્ય કરાર પર 13 મેના રોજ ઇન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ અને ઈરાનના પોર્ટ એન્ડ મેરીટાઇમ ઓર્ગેનાઇઝેશન વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

16મી બ્રિક્સ સમિટ રશિયાની અધ્યક્ષતા હેઠળ ઓક્ટોબરમાં રશિયાના કઝાનમાં યોજાઈ હતી. આ સમિટનો વિષય હતો "ઉચિત ગ્લોબલ ડેવલપમેન્ટ અને સિક્યુરિટી માટે બહુપક્ષીયવાદને મજબૂત બનાવવો". જૂનમાં, રશિયાએ નિઝની નોવગોરોડમાં બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકનું આયોજન કર્યું હતું, જેમાં 'વિકાસશીલ દેશો સાથે બ્રિક્સ સંવાદ' વિષય પર મંત્રી સ્તરનું સત્ર યોજાયું હતું. આ બેઠકમાં સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન પણ સામેલ થયા હતા. સપ્ટેમ્બરની શરૂઆતમાં, વિદેશ મંત્રીએ ન્યૂયોર્કમાં 79મા UNGA દરમિયાન

યોજાયેલી બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ઓક્ટોબરમાં સમિટ દરમિયાન, પ્રધાનમંત્રીએ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું, જ્યારે વિદેશ મંત્રીએ બ્રિક્સ પ્લસ/આઉટરીચ સત્રમાં ભાગ લીધો હતો. આ સમિટના સમાપનમાં 16મા બ્રિક્સ કઝાન ઘોષણાપત્રને અપનાવવામાં આવ્યું અને 'બ્રિક્સ ભાગીદાર દેશના વર્ગની મોડાલિટિ' અને 'સંભવિત બ્રિક્સ ભાગીદાર દેશોની સૂચિ'ને આખરી ઓપ આપવામાં આવ્યો.

SCO માં ભારતની પ્રાથમિકતાઓ પ્રધાનમંત્રીના 'SECURE' SCO ના વિઝનને અનુસરે છે, જેમાં SECURE નો અર્થ સુરક્ષા, આર્થિક વિકાસ, જોડાણ, એકતા, સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે આદર અને પર્યાવરણનું સંરક્ષણ છે. ભારત SCO ના માળખામાં સક્રિય રીતે વિવિધ પદ્ધતિઓ/પહેલ કરતું રહ્યું હતું, અને સાર્વભૌમત્વ, સ્વતંત્રતા, પ્રાદેશિક અખંડિતતા, સમાનતા, પરસ્પર લાભ અને હસ્તક્ષેપ રહિત આંતરિક બાબતો માટે પરસ્પર આદરની વાત ફરી જણાવી હતી. જુલાઈમાં અસ્તાનામાં યોજાયેલ 24મી SCO સમિટમાં વિદેશ મંત્રીએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જેમાં SCO કાઉન્સિલ ઑફ હેડ્સ ઑફ સ્ટેટની વિસ્તૃત ફોર્મેટ મીટિંગમાં પ્રધાનમંત્રી વતી ટિપ્પણીઓ કરવામાં આવી હતી.




પ્રધાનમંત્રીએ કઝાન ખાતે ઓક્ટોબર 2024 માં યોજાયેલી 16મી બ્રિક્સ સમિટમાં ભાગ લીધો




ઓગસ્ટ 2024 માં કિવની તેમની સત્તાવાર મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીએ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીને 4 BHISHM ક્યુબ્સ સોંપ્યા

ઓક્ટોબરમાં ઇસ્લામાબાદમાં યોજાયેલી સરકારના વડાઓની પરિષદ (CHG) ની બેઠકમાં પણ વિદેશ મંત્રીએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. SCO સમિટમાં અસ્તાના ડિક્લેરેશન ઉપરાંત કુલ 23 દસ્તાવેજો અપનાવવામાં આવ્યા હતા. ડિક્લેરેશનમાં પ્રદેશમાં પરિવહન અને કનેક્ટિવિટી માટેની પહેલનું સ્વાગત કરવામાં આવ્યું, તે સાથે આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર ન્યાયપૂર્ણ અને સંતુલિત રીતે સહકારના મહત્વ, UN ચાર્ટર અને SCO ચાર્ટરના ધ્યેયો અને સિદ્ધાંતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. વધુમાં, ડિક્લેરેશનમાં આતંકવાદની પણ નિંદા કરવામાં આવી હતી, ખાસ કરીને આતંકવાદીઓને પૂરી પાડવામાં આવતી આર્થિક સહાય અને આતંકવાદીઓની સરહદ પારની હિલચાલના મુદ્દાઓને સંબોધવાની, તેમજ આતંકવાદીઓને આશ્રય આપતા અને સુરક્ષિત આશ્રયસ્થાનો પૂરા પાડતા દેશોને એકલા પાડીને ખુલ્લા પાડવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ભારત-યુક્રેન દ્વિપક્ષીય સંબંધો વધુ વિકસતા રહ્યા. ઓગસ્ટમાં, પ્રધાનમંત્રીએ યુક્રેનની ઐતિહાસિક મુલાકાત લીધી હતી, જે કોઈ ભારતીય પ્રધાનમંત્રી દ્વારા લેવામાં આવેલી પ્રથમ મુલાકાત હતી. પ્રધાનમંત્રીએ જૂનમાં ઇટાલીમાં G7 સમિટ દરમિયાન અને સપ્ટેમ્બરમાં ન્યૂયોર્કમાં UN જનરલ એસેમ્બલીના 79મા સત્ર દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીને સાથે પણ મુલાકાત કરી હતી. યુક્રેનના વિદેશ મંત્રીએ પણ માર્ચમાં વિદેશ મંત્રીના આમંત્રણ પર નવી દિલ્હીની સત્તાવાર મુલાકાત લીધી હતી.

બેલારુસ પ્રજાસત્તાકના વિદેશ મંત્રી સેર્ગેઈ એલેનિકે વિદેશ મંત્રીના આમંત્રણ પર માર્ચમાં ભારતની મુલાકાત લીધી હતી. બંને મંત્રીઓએ ભારત-બેલારુસ દ્વિપક્ષીય સંબંધોની સ્થિતિની સમીક્ષા કરી હતી અને વેપાર, અર્થતંત્ર, વીમા, સંરક્ષણ, શિક્ષણ, IT અને વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં વિકાસલક્ષી ભાગીદારી અને દ્વિપક્ષીય સહયોગ કેવી રીતે વધારી શકાય તે અંગે ચર્ચા કરી હતી.

સપ્ટેમ્બરમાં, MoS (KVS) એ આર્મેનિયાની મુલાકાત લીધી હતી અને પ્રથમ વાર યોજાયેલા યેરેવન સંવાદ, કે જે એક ટ્રેક 1.5 પ્રકારનો સંવાદ હતો, હાજરી આપી હતી તથા તેમાં મંત્રીઓ, રાજદ્વારીઓ, થિંક-ટેન્ક અને શિક્ષણવિદોએ ભાગ લીધો હતો. તેમણે આર્મેનિયાના નાયબ પ્રધાનમંત્રી મેહર હર્બર્ટી ગ્રિગોરિયનની મુલાકાત લીધી હતી અને આર્મેનિયાના વિદેશ મંત્રી અરારત મિર્ઝોયન સાથે દ્વિપક્ષીય ચર્ચાઓ કરી હતી.

ગત વર્ષ ભારત અને આફ્રિકન દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય રાજદ્વારી મુલાકાતો, વેપારનું વિસ્તરણ અને વિકાસલક્ષી ભાગીદારીને પ્રોત્સાહનનું વર્ષ રહ્યું. માનનીય રાષ્ટ્રપતિજીએ ઓક્ટોબરમાં માલાવી અને મૉરિટેનિયાની નોંધપાત્ર મુલાકાતો લીધી હતી. તેમની મુલાકાત દરમિયાન માનનીય રાષ્ટ્રપતિજી અને આફ્રિકન નેતાઓ વચ્ચે સંવાદનું આયોજન થયું હતું, જેને પરિણામે દ્વિપક્ષીય અને આર્થિક સંબંધોને વધુ બળ પ્રાપ્ત થયું.

ઓગસ્ટમાં બુરુન્ડી, ગામ્બિયા, લાઇબેરિયા, મોરેશિયસ અને ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિઓ સહિત ઘણા આફ્રિકન નેતાઓએ 19મા CII ભારત-આફ્રિકા કોન્ક્લેવમાં ભાગ લેવા માટે ભારતની મુલાકાત લીધી હતી. તે જ મહિનામાં, વૉઇસ ઑફ ગ્લોબલ સાઉથ સમિટના 3જા સંસ્કરણમાં અલ્જિરિયા, અંગોલા, બેનિન, બોત્સ્વાના, બુર્કિના ફાસો, બુરુન્ડી, કેપ વેર્દે, ચાડ, કોમોરોસ, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, ઇજિપ્ત, ઇક્વેટોરિયલ ગિની, એરિટ્રિયા, ઇસ્વાટિની, ઇથિયોપિયા, ગેબોન, ગામ્બિયા, ઘાના, ગિની, ગિની બિસો, આઇવરી કોસ્ટ, કેન્યા, લસોથો, લાઇબેરિયા, લિબિયા, મડાગાસ્કર, માલાવી, માલી, મોરિટાનિયા, મોરિશિયસ, મોરોક્કો, મોઝામ્બિક, નામીબિયા, નાઇજર, નાઇજીરિયા, રવાન્ડા, સાઓ ટોમ અને પ્રિન્સિપ, સેનેગલ, સેશેલ્સ, સિએરા લિયોન, સોમાલિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ સુદાન, સુદાન, તાન્ઝાનિયા, ટોગો, ટ્યુનિશિયા, ઝામ્બિયા અને ઝિમ્બાબ્વે વગેરે અનેક આફ્રિકન દેશોએ ભાગ લીધો હતો.

પ્રધાનમંત્રીએ જાન્યુઆરીમાં ગાંધીનગરમાં મોઝામ્બિકના રાષ્ટ્રપતિ ફિલિપ ન્યુસી સાથે મુલાકાત કરી અને દ્વિપક્ષીય સંબંધો અને પ્રાદેશિક સુરક્ષા પર ચર્ચા કરી. પ્રધાનમંત્રીએ નવેમ્બરમાં નાઇજીરિયાની રાજકીય મુલાકાત લીધી, જે ભારતીય પ્રધાનમંત્રી દ્વારા 17 વર્ષમાં લેવાયેલી પ્રથમ મુલાકાત હતી. મુલાકાત દરમિયાન કસ્ટમને લગતી બાબતોમાં સહકાર, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને જમીન સર્વેક્ષણ સહકારને લગતા MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. નાઇજીરિયાના રાષ્ટ્રપતિ બોલા અહમદ ટિનુબુએ પ્રધાનમંત્રીને "ગ્રાન્ડ કમાન્ડર ઑફ ધ ઓર્ડર ઑફ નાઇજર" નો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રદાન કર્યો હતો.

વિદેશ મંત્રીએ સપ્ટેમ્બરમાં UNGAના 74મા સત્ર દરમિયાન ન્યૂ યોર્કમાં ઇથોપિયાના વિદેશ મંત્રી તાયે એત્સ્કે સેલાસી સાથે, જાન્યુઆરીમાં કમ્પાલામાં NAM સમિટ દરમિયાન યુગાન્ડાના વિદેશ મંત્રી જેજે ઓડોંગો સાથે અને ફેબ્રુઆરીમાં નવી દિલ્હીમાં રાયસીના સંવાદ દરમિયાન ઘાનાના વિદેશ મંત્રી શર્લી આયોરકોર બોચવે સાથે અલગ-અલગ મુલાકાતો કરી હતી.



નવેમ્બર 2024માં અબુજામાં નાઇજીરીયાના રાષ્ટ્રપતિ બોલા અહેમદ ટીનુબુ દ્વારા પ્રધાનમંત્રીને 'ગ્રાન્ડ કમાન્ડર ઑફ ધ ઓર્ડર ઓફ નાઇજર' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભારતે ગેબોન અને કાબો વેર્દેમાં નવા દૂતાવાસો ખોલીને આફ્રિકામાં પોતાની રાજદ્વારી હાજરીમાં વૃદ્ધિ કરી હતી. ભારતના સમર્થનથી જાન્યુઆરીમાં ઇથોપિયા બ્રિક્સમાં જોડાયું અને ભારત તાન્ઝાનિયા સાથે 7.9 બિલિયન ડોલરના દ્વિપક્ષીય વેપાર સાથે આફ્રિકામાં વેપારમાં બીજો સૌથી મોટો ભાગીદાર બન્યો. વધુમાં, ભારત દ્વારા રવાન્ડાને પ્રસૂતિ કરાવતી મહિલાઓની તાલીમ અને કુશળતાના વિકાસ માટે 1 મિલિયન ડોલરની ગ્રાન્ટ સહાય પૂરી પાડવામાં આવી, માલાવીમાં કૃત્રિમ અંગના કાયમી ફિટમેન્ટ સેન્ટરની સ્થાપનામાં મદદ કરી, અને મોઝામ્બિકને બે ફાસ્ટ ઇન્ટરસેપ્ટર ક્રાફ્ટ (FIC) આપવામાં આવ્યા.

મુખ્ય સંરક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓમાં INS તલવાર દ્વારા કેન્યા (સપ્ટેમ્બર), તાન્ઝાનિયા (ઓક્ટોબર) અને દક્ષિણ આફ્રિકા (ઓક્ટોબર) માં બંદર પર રોકાણ કરવામાં આવ્યું હતું અને માર્ચમાં ઉત્તરી મોઝામ્બિકના નાકાલામાં પ્રથમ ભારત-મોઝામ્બિક-તાંઝાનિયા ત્રિપક્ષીય નૌકા કવાયતનું આયોજન થયું હતું.

ઘાનાની ટેમા-મ્પાકાદાન રેલ્વે લાઇન માટે 447 મિલિયન ડોલરનું ભંડોળ, કેન્યામાં એક્ઝિમ બેંક (એક્સપોર્ટ-ઇમ્પોર્ટ બેંક ઓફ ઇન્ડિયા) ની નવી પૂર્વ આફ્રિકા પ્રતિનિધિ કચેરીનું ઉદઘાટન અને નામિબિયા અને ટોગોમાં ડિજિટલ ચુકવણીના માળખાને વધુ સારી બનાવવા માટે કરારો પર કરવામાં આવેલ હસ્તાક્ષર વગેરે આફ્રિકામાં વિકાસ અંગેની કરવામાં આવેલી મુખ્ય પહેલો હતી. ભારતે માનવતાવાદી અભિગમ અપનાવીને નામિબિયા, કેન્યા અને ઝામ્બિયાને દુષ્કાળ અને પૂર રાહત માટે સહાય પૂરી પાડી, સાથે જ કોલેરાની ફેલાયેલી બીમારીના પ્રકોપનો સામનો કરવા માટે ઝામ્બિયાને 3.5 ટન તબીબી પુરવઠો પણ પૂરો પાડયો. પૂર્વ અને દક્ષિણ આફ્રિકાને 1,800 થી વધુ ITEC તાલીમ સ્લોટ ફાળવવામાં આવ્યા હતા, મધ્ય અને પશ્ચિમ આફ્રિકાને 1,272 ITEC સ્લોટ અને 251 ICCR શિષ્યવૃત્તિઓ ફાળવવામાં આવી હતી, અને 7,600 આફ્રિકન વિદ્યાર્થીઓએ ઇ-વિદ્યાભારતી આરોગ્યભારતી (e-VBAB) ઓનલાઇન શિક્ષણ કાર્યક્રમમાં નોંધણી કરાવી હતી, અને આ રીતે ક્ષમતા નિર્માણના પ્રયાસો આખા વર્ષ દરમિયાન ચાલુ રહ્યા. ભારત દ્વારા કરવામાં આવેલી આ તમામ પહેલ, તેની વેપાર, સંરક્ષણ અને વિકાસ માટેના સહકાર થકી આફ્રિકા માટેની વધતી પ્રતિબદ્ધતા દર્શાવે છે. ભારત તથા લેટિન અમેરિકા અને કેરેબિયન (LAC) ક્ષેત્ર વચ્ચે વર્ષ દરમિયાન કરવામાં આવેલી રાજકીય પ્રવૃત્તિઓ દ્વારા આ ક્ષેત્રના દેશો સાથેના આપણા સંબંધોને નવી ગતિ પ્રાપ્ત થઈ છે.

પ્રધાનમંત્રીએ નવેમ્બરમાં રિયો ડી જાનેરોમાં ખાતે યોજાયેલી G20 નેતાઓની સમિટમાં ભાગ લેવા માટે બ્રાઝિલની મુલાકાત લીધી હતી. G-20 સમિટ દરમિયાન તેમણે બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા, આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જાવિયર મિલેઈ અને ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક ફોન્ટ સાથે અલગથી મુલાકાત કરી હતી.

નવેમ્બરમાં પ્રધાનમંત્રીએ ગયાનાની પણ સત્તાવાર મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ગયાનાના રાષ્ટ્રપતિ મોહમ્મદ ઇરફાન અલી સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો યોજી હતી. જ્યોર્જટાઉનમાં સ્ટેટ હાઉસ ખાતે આયોજિત એક સમારોહમાં પ્રધાનમંત્રીને ગયાનાના રાષ્ટ્રપતિ દ્વારા ગયાનાનો સર્વોચ્ચ પુરસ્કાર, "ઓર્ડર ઑફ ધ એક્સેલન્સ" એનાયત કરવામાં આવ્યો હતો.

જ્યોર્જટાઉન, ગયાના ખાતે પ્રધાનમંત્રી તથા ગ્રેનાડાના પ્રધાનમંત્રી ડિકોન મિશેલની સહ-અધ્યક્ષતામાં બીજી ભારત-કેરેબિયન કમ્યુનિટી (CARICOM) સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. સમિટની સાથે-સાથે પ્રધાનમંત્રીએ એન્ટિગુઆ અને બર્બુડા, બાર્બાડોસ, સેન્ટ લુસિયા, કોમનવેલ્થ ઑફ ડોમિનિકા, ગ્રેનાડા, ત્રિનિદાદ અને ટોબેગો અને સુરીનામના પ્રધાનમંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. જ્યોર્જટાઉનમાં યોજાયેલા એક સમારોહમાં, કોમનવેલ્થ ઑફ

ડોમિનિકાના પ્રમુખ સિલ્વેની બર્ટન દ્વારા પ્રધાનમંત્રીને ડોમિનિકાનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર, "ડોમિનિકા એવોર્ડ ઑફ ઓનર" એનાયત કરવામાં આવ્યો હતો.

વર્ષ દરમિયાન કેરેબિયન દેશોના નેતાઓ દ્વારા પણ મુલાકાત લેવામાં આવી હતી. ગયાનાના પ્રધાનમંત્રી મોહમ્મદ ઇરફાન અલીએ ફેબ્રુઆરીમાં ભારતની મુલાકાત લીધી હતી. તેમણે માનનીય રાષ્ટ્રપતિજી અને માનનીય ઉપરાષ્ટ્રપતિની મુલાકાત લીધી હતી તથા વિદેશ મંત્રી તથા વીજ અને નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રી સાથે અલગ અલગ બેઠકો કરી હતી. મે મહિનામાં ત્રિનિદાદ અને ટોબેગોના પ્રધાનમંત્રીએ મુંબઈ અને જામનગરની મુલાકાત લીધી હતી. ઓક્ટોબરમાં જમૈકાના પ્રધાનમંત્રીએ ભારતની મુલાકાત લીધી હતી અને માનનીય રાષ્ટ્રપતિજી, માનનીય ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સાથે અલગ અલગ બેઠકો કરી હતી. ઓક્ટોબરમાં વેનેઝુએલાના એક્ઝિક્યુટિવ ઉપરાષ્ટ્રપતિના નેતૃત્વમાં ભારતમાં એક પ્રતિનિધિમંડળે માનનીય ઉપરાષ્ટ્રપતિ અને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી સાથે મુલાકાત કરી.

વર્ષ દરમિયાન વિદેશ મંત્રીએ પનામા, બ્રાઝિલ, ચિલી, આર્જેન્ટિના અને સેન્ટ કિટ્સ અને નેવિસના વિદેશ મંત્રીઓની યજમાની કરી. તેમણે ન્યુ યોર્કમાં યોજાયેલ UNGA દરમિયાન ગયાના, બોલિવિયા, મેક્સિકો, ક્યુબા, અલ સાલ્વાડોર, નિકારાગુઆ, પનામા, ડોમિનિકા, ગ્રેનાડા, ત્રિનિદાદ અને ટોબેગો, સુરીનામ અને વેનેઝુએલાના વિદેશ મંત્રીઓ તેમજ સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઇન્સના પ્રધાન મંત્રી સાથે મુલાકાત કરી. કમ્પાલામાં યોજાયેલ NAM સમિટ દરમિયાન તેમણે યુગાન્ડામાં કોલંબિયા, બોલિવિયા અને વેનેઝુએલાના વિદેશ મંત્રીઓ સાથે અલગથી મુલાકાત કરી હતી.

EAM નવેમ્બરમાં ગુયાનામાં ભારત-કેરિકોમ શિખર સંમેલનના માર્જિન પર જમૈકાના વિદેશ મંત્રી અને કતારમાં દોહા ફોરમની બાજુએ ડિસેમ્બરમાં હોન્ડુરાસના વિદેશ મંત્રી સાથે મુલાકાત કરી હતી.



(ઉપર ડાબેથી ઘડિયાળની દિશામાં) નવેમ્બર 2024માં જ્યોર્જટાઉનમાં પ્રધાનમંત્રીની ભારત- CARICOM બીજી સમિટ દરમિયાન એન્ટિગુઆ અને બાર્બુડા, બહામાસ, બાર્બાડોસ, ડોમિનિકા, સેન્ટ લુસિયા અને ત્રિનિદાદ અને ટોબેગોના નેતાઓ સાથેની મુલાકાત.



(ઉપર ડાબેથી ઘડિયાળની દિશામાં) સપ્ટેમ્બર 2024માં ન્યૂયોર્કમાં આયોજિત UNGA દરમિયાન ક્યુબા, અલ સાલ્વાડોર, ગયાના અને વેનેઝુએલાના વિદેશ મંત્રીઓ સાથે ભારતના વિદેશ મંત્રીની મુલાકાત.

MoS (VM) એ G20 વિદેશ મંત્રીઓની મીટિંગ માટે ફેબ્રુઆરી 2024 માં બ્રાઝિલની મુલાકાત લીધી હતી. ઓગસ્ટમાં, MoS (PM) એ ડોમિનિકન ગણરાજ્ય, ગ્વાટેમાલા, અલ સાલ્વાડોર, પનામા અને ત્રિનિદાદ અને ટોબેગોની સત્તાવાર મુલાકાત લીધી હતી. ત્યારબાદ, તેમણે મેક્સિકો (સપ્ટેમ્બર), ગ્રેનાડા (ઓક્ટોબર), બાર્બાડોસ (ઓક્ટોબર) અને એન્ટિગુઆ અને બર્બુડા (ઓક્ટોબર) ની મુલાકાત લીધી હતી. MoS (KV) એ ઓક્ટોબરમાં COP16 બેઠકમાં ભાગ લેવા માટે કોલંબિયાની મુલાકાત લીધી હતી. સપ્ટેમ્બરમાં બોલિવિયાના લા પાઝ ખાતે એક નવું મિશન ખુલવાની સાથે, ભારત LAC ક્ષેત્રમાં હવે 17 નિવાસી મિશન ધરાવે છે.

ભારતે સક્રિય રીતે સંયુક્ત રાષ્ટ્રના સભ્ય તરીકે કાર્ય કરતું રહ્યું અને બહુપક્ષીય રાજદ્વારી અને વૈશ્વિક વ્યવસ્થામાં સુધારાની હિમાયત કરવામાં અગ્રણી ભૂમિકા ભજવતું રહ્યું. જાન્યુઆરીમાં, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના પ્રમુખે માનનીય રાષ્ટ્રપતિજી સાથે મુલાકાત કરી અને વિદેશ મંત્રી સાથે અલગથી બેઠક કરી. જુલાઈમાં, પ્રધાનમંત્રીએ નવી દિલ્હીમાં સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠન (UNESCO) ની વર્લ્ડ હેરિટેજ કમિટીના 46મા સત્રની બેઠકને સંબોધિત કરી હતી. ભારત દ્વારા આયોજિત યુનેસ્કોનું આ પ્રકારનું પ્રથમ સત્ર હતું.

ભારતે નવેમ્બરમાં અઝરબૈજાનના બાકુમાં આયોજિત યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઇમેટ ચેન્જ (UNFCCC) ની 29મી કોન્ફરન્સ ઓફ ધ પાર્ટીઝ (COP29) માં ભાગ લીધો હતો.

સપ્ટેમ્બરમાં, પ્રધાનમંત્રીએ ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં 'સમિટ ઑફ ધ ફ્યુચર'ને સંબોધિત કરી. સમિટમાં પાંચ ક્ષેત્રો માટે 56 ઍક્શન પોઇન્ટ સાથેનો "પૅક્ટ ફોર ધ ફ્યુચર" અપનાવવામાં આવ્યો. પ્રધાનમંત્રી દ્વારા નેપાળના પ્રધાનમંત્રી, કુવૈતના ક્રાઉન પ્રિન્સ, પેલેસ્ટાઇનના રાષ્ટ્રપતિ, વિયેતનામના રાષ્ટ્રપતિ અને યુક્રેનના રાષ્ટ્રપતિ સહિત અનેક નેતાઓ સાથે અલગ-અલગ દ્વિપક્ષીય બેઠકો પણ યોજવામાં આવી. વિદેશ મંત્રી દ્વારા UNGA ના 79મા સત્રમાં એક સપ્તાહની ઉચ્ચ-સ્તરીય બેઠકો માટે અલગથી ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું અને 28 સપ્ટેમ્બરના રોજ ન્યૂયોર્કમાં 79મા UNGA ના ઉચ્ચ-સ્તરીય સેગમેન્ટની સામાન્ય ચર્ચાને સંબોધિત કરી.

UNGA સત્ર દરમિયાન વિદેશ મંત્રીએ G20, G4, IBSA, બ્રિક્સ, L-69 & C-10, ઇન્ડિયા-CARICOM, ઇન્ડિયા-CELAC તથા BIMSTEC સહિત વિવિધ બહુપક્ષીય વિદેશી મંત્રી-સ્તરની બેઠકોમાં ભાગ લીધો હતો.

ભારતે તેના ભાગીદાર દેશોની તેમની જરૂરિયાતો મુજબ પ્રોજેક્ટ, અનુદાન અને લોન દ્વારા વિકાસલક્ષી સહાય પ્રદાન કરી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તેનો વ્યાપ ટેકનિકલ કન્સલ્ટન્સી, આપત્તિ સમયે રાહત, માનવતાવાદી સહાય, વારસાનું પુનઃસ્થાપન, શૈક્ષણિક શિષ્યવૃત્તિ, ક્ષમતા નિર્માણના કાર્યક્રમો, માળખાગત સુવિધાઓના ક્ષેત્રોમાં નાગરિક અને લશ્કરી અભ્યાસક્રમો, જળવિદ્યુત, પાવર ટ્રાન્સમિશન, કૃષિ, ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય, પુરાતત્વીય સંરક્ષણ અને સરહદ પારની કનેક્ટિવિટીને મજબૂત બનાવવાના ક્ષેત્રો સુધી વિસ્તર્યો છે. વિકાસને લગતા સહયોગના મુખ્ય પ્રોજેક્ટ દ્વારા શિક્ષણ, આરોગ્ય, કૃષિ, પાણી, ઉર્જા અને કનેક્ટિવિટી સહિતના વિવિધ ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા હતા. ભારત LOC પણ પ્રદાન કરે છે, જે ભાગીદાર દેશોને આપવામાં આવતી રાહત દરની લોન છે. પૂર્ણ થયેલા મુખ્ય LOC પ્રોજેક્ટમાં બુરુન્ડીના કાબુમાં 20 મેગાવોટનો હાઇડ્રો-ઇલેક્ટ્રિક પ્રોજેક્ટ, ઝિમ્બાબ્વે અને તાન્ઝાનિયામાં પાણી પુરવઠા સીસ્ટમનું અપગ્રેડેશન, શ્રીલંકામાં રેલ્વે ટ્રેક અપગ્રેડેશન પ્રોજેક્ટ અને ગુયાનાને વિમાન સપ્લાયનો સમાવેશ થાય છે. આ વર્ષે મોરેશિયસમાં પાણીની પાઇપલાઇન રિપ્લેસમેન્ટ પ્રોજેક્ટ માટે સૌપ્રથમ રૂપિયાના મૂલ્યના LOC ને એક્સટેન્ડ કરવામાં આવ્યો. ભારત વિદેશી સરકારના વ્યાવસાયિકો માટે વિવિધ નવીન તાલીમ અભ્યાસક્રમો થકી તેના ભાગીદાર દેશોને ક્ષમતા નિર્માણમાં મદદરૂપ થાય છે. વર્ષ દરમિયાન નાગરિકો માટે (10,200 જગ્યાઓ) અને સંરક્ષણ અભ્યાસક્રમોમાં (3,300+ જગ્યાઓ) 13,500 થી વધુ તાલીમ માટેની જગ્યાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી, જે નાગરિક અભ્યાસક્રમો સાથે 115 થી વધુ દેશો તથા સંરક્ષણ સંબંધિત અભ્યાસક્રમો સાથે લગભગ 80 દેશો સુધી પહોંચ્યું હતું.



સપ્ટેમ્બર 2024માં ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રની ભવિષ્ય માટેની સમિટમાં પ્રધાનમંત્રીએ પોતાના વિચારો જણાવ્યા હતા




વિદેશ મંત્રીએ સપ્ટેમ્બર 2024 માં ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 79મા સત્રની સાથે-સાથે L-69 જૂથના દેશોની સંયુક્ત મંત્રીસ્તરીય બેઠકમાં ભાગ લીધો હતો.



ભારત દ્વારા નવેમ્બર 2024 માં ગુયાનાને લશ્કરના આધુનિકીકરણ માટે 23.37 મિલિયન ડોલરના ડિફેન્સ લાઇન ઑફ ક્રેડિટ (LoC) ના ભાગ રૂપે બે ડોર્નિયર HAL-228 એરક્રાફ્ટ સોંપવામાં આવ્યા હતા

ભારતે ઇમિગ્રેશન નીતિ, વેલ્ફેર અને ભારતીય સમુદાયના લોકો સાથે જોડાણ બાબતે નોંધપાત્ર પ્રગતિ કરી છે. સરકાર દ્વારા ડેનમાર્ક, ઇઝરાયલ, મલેશિયા, તાઇવાન અને UK સાથે માઈગ્રેશન અને મોબિલિટી પાર્ટનરશીપ અગ્રીમેન્ટ (MMPA) અને લેબર મોબિલિટી અગ્રીમેન્ટ (LMA)

સહિત અનેક કરારો થકી સલામત અને કાયદેસર રીતે માઇગ્રેશનને સક્રિયપણે પ્રોત્સાહન આપવામાં આવ્યું.

લેબર મોબિલિટી અને રોજગારને લગતા વિકલ્પોને સુવ્યવસ્થિત કરવા માટે UK અને ઇટાલી સાથે જોઇન્ટ વર્કિંગ ગ્રુપની બેઠકો યોજવામાં આવી હતી. અબુ ધાબી ડાયલોગ, ધ બુડાપેસ્ટ પ્રોસેસ, ધ કોલંબો પ્રોસેસ અને ઇન્ડિયા-EU હાઇ-લેવલ ડાયલોગ ઓન માઇગ્રેશન એન્ડ મોબિલિટી (HLDMM) જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથેના સહયોગથી ગ્લોબલ માઈગ્રેશન ગવર્નન્સમાં ભારતની ભૂમિકા મજબૂત બની રહી. વર્ષ 2024-26 માટે ધ કોલંબો પ્રોસેસની અધ્યક્ષતા ભારત દ્વારા કરવામાં આવી અને તે અબુ ધાબી ડાયલોગની સલાહકાર સમિતિમાં જોડાયું. ઇન્ડિયન કમ્યુનિટી વેલ્ફેર ફંડ (ICWF) હેઠળ વિદેશમાં 3.5 લાખથી વધુ ભારતીય કામદારોને સહાય કરવા માટે સરકાર દ્વારા કલ્યાણકારી યોજનાઓનું પણ વિસ્તરણ કરવામાં આવ્યું અને ભારતથી સ્થળાંતર કરી ગયેલા કામદારોની સોફ્ટ સ્કિલ વધુ સારી બનાવવાના હેતુથી પ્રી-ડિપાર્ચર ઓરિએન્ટેશન તાલીમમાં પણ સુધારો કરવામાં આવ્યો. ડિજીલોકર ઇન્ટિગ્રેશન, ફરિયાદ નિવારણ અને ઇ-વેરિફિકેશન જેવી સુવિધાઓ સાથે ઇમિગ્રેશન પ્રક્રિયાઓને સરળ બનાવતી, સુધારા સાથેની ઇ-માઇગ્રેટ V2.0 પોર્ટલ અને મોબાઇલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી હતી. સરકારે વિદ્યાર્થીઓના મુદ્દાઓ, NRI મહિલાઓ માટે વૈવાહિક બાબતોને લગતા વિવાદના નિરાકરણ અને પ્રવાસી ભારતીય વીમા યોજના (PBBY), નો ઈન્ડિયા પ્રોગ્રામ (KIP) અને વિદેશ સંપર્ક પ્રોગ્રામ જેવી પહેલો દ્વારા ભારતીય સમુદાયના લોકો સાથે જોડાવા પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું.


વર્ષ દરમિયાન, મંત્રાલયે ટ્રેક 1.5 અને 2.0 સંવાદો જેવી અનેક વિદેશ નીતિ માટેની આઉટરીચ પ્રવૃત્તિઓને સરળ બનાવવા માટે થિંક-ટેન્ક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સહયોગ કર્યો. મંત્રાલય દ્વારા રાયસીના સંવાદ, એશિયન આર્થિક સંવાદ, હિંદ મહાસાગર પરિષદ, ભારત-US ફોરમ, ભારત-જાપાન ફોરમ, ભારત-નોર્ડિક સંવાદ અને ભારત-EU ટ્રેક 1.5 સંવાદ સહિત મુખ્ય વિદેશ નીતિ આઉટરીચ સંવાદો પણ યોજવામાં આવ્યા. મંત્રાલય દ્વારા જાપાન, ફ્રાન્સ, નોર્વેના વિદેશ મંત્રાલયોના નીતિ આયોજન વિભાગો/બ્યુરો સાથે તેમજ ક્વાડના સભ્ય દેશો - ઓસ્ટ્રેલિયા, જાપાન અને US સાથે સંયુક્ત રીતે નીતિ આયોજન સંવાદોનું પણ આયોજન કરવામાં આવ્યું. પ્રથમ ત્રિપક્ષીય ભારત-જાપાન-કોરિયા નીતિ આયોજન સંવાદ પણ વર્ષ દરમિયાન યોજાયો હતો.

2024 માં ડિજિટલ ડિપ્લોમસી, પ્રાદેશિક મીડિયાના યોગદાન અને ઇન્ફ્લુઅન્સરના સહયોગ દ્વારા ભારતના બહારના દેશોમાં પ્રચાર અને જાહેર જનતા સાથેના સંવાદમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. કરવામાં આવેલી મુખ્ય પહેલમાં MEA વૉટ્સએપ ચેનલની શરૂઆત, સોશિયલ મીડિયામાં હાજરીમાં વૃદ્ધિ, વિદેશી પત્રકારોને મુલાકાત આપવી, ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવું, દસ્તાવેજી ફિલ્મો બનાવવી અને ભારતીય સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. ઇન્ડિયા કોર્નર્સ, SAMEEP લેક્ચર્સ અને ભારત કો જાનીયે ક્વિઝ દ્વારા જાહેર જોડાણ વધ્યું.

વર્ષ દરમિયાન લાતવિયા, જ્યોર્જિયા, ગેબોનીઝ રિપબ્લિક અને તિમોર-લેસ્ટમાં ભારતના નવા રાજદ્વારી મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો. માર્સેઈ (ફ્રાન્સ), બાર્સેલોના (સ્પેન), બ્રિસ્બેન (ઓસ્ટ્રેલિયા) અને ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ) માં બનેલ નવી કોન્સ્યુલેટ પણ કાર્યરત થઈ હતી.



ફેબ્રુઆરી 2024 માં ભારતના વિદેશ મંત્રી અને ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોકે રાસમુસન દ્વારા મોબિલિટી અને માઈગ્રેશન પાર્ટનરશીપ અંગેના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા




ઘડિયાળની દિશામાં ડાબેથી જમણે: મંત્રાલયે ભારત-US ફોરમ (નવી દિલ્હી) સહિત અનેક વિદેશ નીતિ માટેની આઉટરીચ પ્રવૃત્તિઓને સરળ બનાવવા માટે થિંક-ટેન્ક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સહયોગ કર્યો, ગ્લોબલ ટેકનોલોજી સમિટ ઇનોવેશન સંવાદ (બેંગલુરુ), એશિયા ઇકોનોમિક સંવાદ (પુણે), ભારત-જાપાન ફોરમ (નવી દિલ્હી), હિંદ મહાસાગર પરિષદ (પર્થ), અને રાયસીના સંવાદ (નવી દિલ્હી)




નવેમ્બર 2024 માં વિદેશ મંત્રીએ બ્રિસ્બેનમાં ક્વીન્સલેન્ડના ગવર્નર જેનેટ યંગ સાથે ભારતના નવા વાણિજ્ય દૂતાવાસનું ઉદ્ઘાટન કર્યું હતું

સુષ્મા સ્વરાજ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફોરેન સર્વિસ દ્વારા મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓ, અન્ય નાગરિક સેવાઓના સભ્યો અને વિદેશી રાજદ્વારીઓ માટે અનેક તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. સપ્ટેમ્બરમાં ગ્લોબલ સાઉથના 29 દેશોના 32 રાજદ્વારીઓની હાજરીમાં ગ્લોબલ સાઉથ યંગ ડિપ્લોમેટ્સ ફોરમ (GSYDF) ના બીજા સંસ્કરણનું આયોજન કરવામાં આવ્યું હતું. એપ્રિલ-મે દરમિયાન 71મા પ્રોફેશનલ કોર્સ ફોર ફોરેન ડિપ્લોમેટ્સ (PCFD) નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 30 દેશોના 34 રાજદ્વારીઓએ હિસ્સો લીધો હતો.




બીજી ગ્લોબલ સાઉથ યંગ ડિપ્લોમેટ્સ ફોરમ (GSYDF) નું આયોજન સુષ્મા સ્વરાજ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન સર્વિસ (SSIFS) માં સપ્ટેમ્બર 2024 માં કરવામાં આવ્યું હતું.

ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ (ICCR) સાંસ્કૃતિક આદાનપ્રદાન અને ભારતના 'સોફ્ટ પાવર' ને વૈશ્વિક સ્તરે પહોંચાડવામાં તેનું યોગદાન આપતું રહ્યું. શૈક્ષણિક વર્ષ 2024-25 દરમિયાન ICCR દ્વારા તેની 20 શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ 3960 વિદેશી નાગરિકોને શિષ્યવૃત્તિ આપવામાં આવી, જેમાં ઓનલાઈન સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો કરવા માટે 1000 શિષ્યવૃત્તિ અફઘાન નાગરિકોને આપવામાં આવી. ભારતમાંથી વિશ્વભરના દેશોમાં ICCR દ્વારા પ્રાયોજિત 62 સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળોને મોકલવામાં આવ્યા, તથા વિવિધ દેશોમાં પ્રતિષ્ઠિત ભારતીય નેતાઓની 9 અર્ધ પ્રતિમાઓ અને પ્રતિમાઓ માટે દાનની પણ વ્યવસ્થા કરવામાં આવી. ICCRએ વિશ્વના વિવિધ ભાગોમાં 38 ભારતીય સાંસ્કૃતિક કેન્દ્રો (ICC) ને મદદ કરતું રહ્યું છે.



જુલાઈ 2024 માં, જાપાનના ટોક્યોમાં વિદેશ મંત્રી દ્વારા ભારતીય દૂતાવાસ ખાતે મહાત્મા ગાંધીની અર્ધ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.